RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 209 Dt. 12-2-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# EVMનો ડેટા ડિલીટ ન કરતા: સુપ્રીમ

## સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને ૧૫ દિવસમાં જવાબ દાખલ કરવા કહ્યું

નવીદિલ્હી, તા. ૧૧

દેશમાં ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનની વિશ્વસનીયતા અંગે વારંવાર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. આ મુદ્દે દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરતી વખતે સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને નિર્દેશ આપ્યો છે કે ચૂંટણી પછી EVMમાંથી કોઈ ડેટા ડિલીટ કે રિલોડ ન કરવો જોઈએ.

સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને ૧૫ દિવસમાં જવાબ દાખલ કરવા કહ્યું છે. પિટિશનમાં ચૂંટણી પંચને તેની માનક ઓપરેટિંગ પ્રક્રિયાઓમાં ઈવીએમની બર્ન મેમરીની ચકાસણી અને ચકાસણીનો સમાવેશ કરવા માટે નિર્દેશ માંગવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને કહ્યું કે કૃપા કરીને ડેટા ડિલીટ ન કરો પરંતુ ડેટા ફરીથી લોડ કરો. ફક્ત કોઈને તપાસવા દો.

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા અરજી દાખલ કરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે બુધવારે આ કેસની સુનાવણી કરી હતી.

સુનાવણી દરમિયાન, એડવોકેટ પ્રશાંત ભૂષણ, એડીઆર માટે હાજર હતા, ''અમે ઈચ્છીએ છીએ કે સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ ચૂંટણી પંચ દ્વારા અનુસરવામાં આવતી પ્રક્રિયા તેમના સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોટોકોલ સાથે સુસંગત હોવી જોઈએ.

અમે ઈચ્છીએ છીએ કે કોઈ ઈવીએમના સોફ્ટવેર અને



હાર્ડવેરની તપાસ કરે કે સોફ્ટવેર અને હાર્ડવેરમાં કોઈ છેડછાડ થઈ છે કે નહીં, જસ્ટિસ ખાનને પૂછવામાં આવ્યું હતું કે, ''કોઈ મતની ગણતરી કરવામાં આવશે કે નહીં.'' ત દૂર કરવામાં આવશે? તેઓએ ઈવીએમને પણ સાચવવા પડશે, પેપર ટ્રેલ ત્યાં હાજર હોવું જોઈએ,'' ભૂષણે જવાબ આપ્યો. બંને પક્ષોની દલીલો સાંભળ્યા પછી, કોર્ટે તેના અગાઉના આદેશની સ્પષ્ટતા કરતા કહ્યું, ''અમે ઈચ્છતા નથી કે મતોની ગણતરી સુધી કોઈ ગડબડ ન થાય (અગાઉના આદેશ દ્વારા પણ, અમે એ જોવા માંગીએ છીએ કે કોઈને કોઈ શંકા ન હોય.

અમે ઈવીએમ સાથે છેડછાડ કરવા માંગતા ન હતા, અમે ઈચ્છતા હતા કે કદાચ એન્જિનિયરિંગ કહી શકે કે કોઇ ચેડાં થયા છે કે નહીં.

આ પછી, કોર્ટે ચૂંટણી પંચને આગામી ૧૫ દિવસમાં અરજી પર પોતાનો જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો છે.

### મતદાન બાદ EVM માટે SOP શું છે?

સુપ્રીમ કોર્ટે આજે એક અરજીની સુનાવણી દરમિયાન ચૂંટણી પંચને સવાલ કર્યો હતો કે મતદાન પૂર્ણ થયા બાદ EVM માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) શું છે? હવે ચૂંટણી પંચે ચૂંટણી પછી EVM મેમરી અને માઇક્રોકન્ટ્રોલર બાળવાની પ્રક્રિયા વિશે કોર્ટને જાણ કરવી પડશે. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા એક અરજીમાં માંગ કરવામાં આવી હતી કે મત ગણતરી પૂર્ણ થયા પછી પણ મશીનોમાંથી ડેટાનો નાશ ન કરવો જોઈએ.

### EVM ડેટા વેરિફિકેશન કેમ મહત્વનું છે?

ઈવીએમ સાથે છેડછાડને લઈને દેશમાં સમયાંતરે વિવાદો થતા રહ્યા છે. વિપક્ષી પાર્ટીઓ ઘણી વખત આરોપ લગાવે છે કે ઈવીએમમાં છેડછાડ શક્ય છે, જોકે ચૂંટણી પંચે હંમેશા આ વાતને નકારી કાઢી છે.આ મામલો મહત્વપૂર્ણ છે કારણ કે અરજદારોનું કહેવું છે કે જો ચૂંટણીપંચને ચૂંટણી પછી EVM ડેટા ડિલીટ કરવાની મંજૂરી આપવામાં આવે તો વેરિફિકેશનની શક્યતા ખતમ થઈ જાય છે. આ કારણોસર સુપ્રીમ કોર્ટે EVM ડેટા સુરક્ષિત રાખવાનો આદેશ આપ્યો છે.

# J&K LoC પાસે બ્લાસ્ટ: બે જવાન શહીદ

## આતંકવાદીઓના ઢીમ ઢાળવા સર્ચ ઓપરેશન : ત્રણ જવાન ઘાયલ

નવીદિલ્હી, તા. ૧૧

જમ્મુ અને કાશ્મીરમાં LoC પાસે IED બ્લાસ્ટમાં એક જવાન શહીદ થયો છે, જ્યારે એક ગંભીર રીતે ઘાયલ છે અને તેની સારવાર ચાલી રહી છે. મળતી માહિતી મુજબ, મંગળવારે બપોરે લગભગ સાડા ત્રણ વાગ્યે જમ્મુ જિલ્લાના ખૌર પોલીસ સ્ટેશન હેઠળના કેરી બટ્ટલ વિસ્તારમાં LoC નજીક IED બ્લાસ્ટ થયો હતો. આમાં ત્રણ જવાનો ઘાયલ થયા છે, જેમને સેનાની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જેમાંથી ૨ના સારવાર દરમિયાન મોત નીપજ્યા હતા, જ્યારે એકની હાલત નાજુક હોવાનું કહેવાય છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર અખનૂર સેક્ટરમાં નિયંત્રણ રેખા પાસે સેનાની એક ટીમ પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન આતંકીઓએ IED બ્લાસ્ટ કર્યો હતો. ત્રણ સૈનિકો તેની પકડમાં આવી ગયા. માહિતી મળતાની સાથે જ સેનાના વધારાના દળો ઘટનાસ્થળે પહોંચી ગયા, ઘાયલ જવાનોને હોસ્પિટલ લઈ ગયા અને આતંકવાદીઓ માટે સર્ચ



ઓપરેશન હાથ ધર્યું.

પ્રારંભિક માહિતી સૂચવે છે કે વિસ્ફોટ ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસના વિસ્ફોટને કારણે થયો હતો, જે શંકાસ્પદ આતંકવાદીઓ દ્વારા પ્લાન્ટ કરવામાં આવ્યો હોવાનું માનવામાં આવે છે. અધિકારીઓએ જણાવ્યું કે વિસ્ફોટ બાદ તરત જ સમગ્ર વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે આના એક દિવસ પહેલા સોમવારે રાજૌરી જિલ્લામાં નિયંત્રણ રેખા પર ફાયરિંગમાં સેનાનો એક જવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. સૈનિક નૌશેરા સેક્ટરના કલાલ વિસ્તારમાં ફોરવર્ડ પોસ્ટ પર તૈનાત હતો જ્યારે તેને ગોળી વાગી હતી અને તેને તરત જ સૈન્ય હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો.

પ્રાથમિક માહિતીમાં જાણવા મળ્યું છે કે ગોળીબાર લગભગ ૨.૪૦ વાગ્યે નિયંત્રણ રેખા પારથી થયો હતો.

સુરક્ષા દળોએ સોમવારે કુપવાડા જિલ્લામાં અંકુશ રેખા નજીકના કર્નાહ વિસ્તારમાં સર્ચ ઓપરેશન દરમિયાન હથિયારો અને દારૂગોળોનો જથ્થો જપ્ત કર્યો હતો. અધિકારીઓએ જણાવ્યું કે આ વિસ્તારમાં હથિયારો અને દારૂગોળો હોવાની માહિતી મળ્યા બાદ સેના અને પોલીસની સંયુક્ત ટીમે કરનાહ તહસીલના બાદી મોહલ્લા અમરોહીમાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું.

સર્ચ ઓપરેશન દરમિયાન, સુરક્ષા દળોએ એક એકે ૪૭ રાઈફલ, એક એકે મેગેઝિન, એક સાઈગા એમકે રાઈફલ, એક સાઈગા એમકે મેગેઝિન અને ૧૨ રાઉન્ડ મળી આવ્યા હતા.

# વક્ફ બિલ સંસદમાં ૧૩મી એ રજુ થવાની સંભાવના

## જેપીસીએ વક્ફના ૬૫૫ પાનાના અહેવાલને ૧૫-૧૧ મતોથી સ્વીકાર્યો હતો. તેમાં ભાજપ સભ્યોના સૂચનોનો સમાવેશ થાય છે. જોકે, વિપક્ષી સભ્યોએ આ અહેવાલ સાથે અસહમતિ વ્યક્ત કરી છે

નવીદિલ્હી, તા. ૧૧

વક્ફ (સુધારા) બિલની તપાસ કરતી સંસદની સંયુક્ત સમિતિનો અહેવાલ ૧૩ ફેબ્રુઆરીએ સંસદમાં રજૂ કરવામાં આવશે. તેને ૧ ફેબ્રુઆરીએ લોકસભામાં રજૂ કરવામાં આવ્યું હતું. સમિતિએ ગુરુવારે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને રિપોર્ટ સોંપ્યો હતો. ગયા અઠવાડિયે બહુમતી મત દ્વારા અપનાવવામાં આવેલ જેપીસીએ જણાવ્યું હતું કે તેના અહેવાલમાં શાસક ભાજપના સભ્યો દ્વારા સૂચવવામાં આવેલા ફેરફારોનો સમાવેશ થાય છે, જેના કારણે વિપક્ષ આ કવાયતને વક્ફ બોર્ડને નષ્ટ કરવાનો પ્રયાસ ગણાવે છે.




વક્ફ (સુધારા) બિલ પર સંસદની સંયુક્ત સમિતિએ ૧૫-૧૧ બહુમતીથી કાયદાના મુસદ્દા પરના અહેવાલને સ્વીકાર્યો. વિપક્ષી સભ્યોએ અહેવાલ પર અસંમતિની નોંધ રજૂ કરી હતી. ભાજપના સભ્યોએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ગયા વર્ષે ઓગસ્ટમાં લોકસભામાં રજૂ કરાયેલું બિલ વક્ફ મિલકતોના સંચાલનમાં આધુનિકતા, પારદર્શિતા અને જવાબદારી લાવવાનો પ્રયાસ કરે છે.જેપીસીએ વક્ફના ૬૫૫ પાનાના અહેવાલને ૧૫-૧૧ મતોથી સ્વીકાર્યો હતો. તેમાં ભાજપ સભ્યોના સૂચનોનો સમાવેશ થાય છે. જોકે, વિપક્ષી સભ્યોએ આ અહેવાલ સાથે અસહમતિ વ્યક્ત કરી છે. વિપક્ષી પક્ષો વક્ફ બિલને મુસ્લિમ સમુદાયના બંધારણીય અધિકારો પર હુમલો અને વક્ફ બોર્ડના કામકાજમાં દખલ ગણાવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારે વક્ફ મિલકતોના સંચાલનમાં આધુનિકતા, પારદર્શિતા અને જવાબદારી લાવવાના ઉદ્દેશ્યથી સંસદમાં વક્ફ સુધારા બિલ રજૂ કર્યું હતું. આ બિલનો ઉદ્દેશ્ય વક્ફ મિલકતોના નિયમન અને સંચાલન સાથે સંકળાયેલા મુદ્દાઓ અને પડકારો માટે વક્ફ અધિનિયમ, ૧૯૯૫માં સુધારો કરવાનો છે.

# સ્વાસ્થ્ય, શિક્ષણ, કૃષિમાં AI લાવશે ક્રાંતિ: મોદી

## ફ્રાન્સમાં 'AI એક્શન સમિટ' દરમિયાન કહ્યું કે, AI એવી દુનિયા બનાવવામાં મદદ કરી શકે છે જેમાં વિકાસના લક્ષ્યો સુધીની યાત્રા સરળ અને ઝડપી બનશે

નવીદિલ્હી, તા. ૧૧.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફ્રાન્સમાં 'AI એક્શન સમિટ' દરમિયાન તેમના સંબોધનમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના મહત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે તે સ્વાસ્થ્ય, શિક્ષણ, કૃષિ અને બીજી ઘણી બાબતોમાં સુધારો કરીને લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવવામાં મદદ કરી શકે છે. પેરિસના ગ્રાન્ડ પેલેસમાં આયોજિત કોન્ફરન્સમાં પીએમ મોદીએ કહ્યું કે, 'ગવર્નન્સનો અર્થ એ પણ છે કે બધાની પહોંચ સુનિશ્ચિત કરવી, ખાસ કરીને ગ્લોબલ સાઉથમાં. અંઈ આરોગ્ય, શિક્ષણ, કૃષિ અને અન્ય ઘણી બાબતોમાં સુધારો કરીને લાખો લોકોના જીવનને બદલવામાં મદદ કરી શકે છે.

વડાપ્રધાને કહ્યું, 'એઆઈ એવી દુનિયા બનાવવામાં મદદ કરી શકે છે જેમાં વિકાસના લક્ષ્યો સુધીની યાત્રા સરળ અને ઝડપી બને. આ કરવા માટે, આપણે સંસાધનો અને પ્રતિભાઓને એકસાથે લાવવી જોઈએ. આપણે ઓપન-સોર્સ સિસ્ટમ્સ વિકસાવવાની જરૂર છે જે વિશ્વાસ અને પારદર્શિતામાં વધારો કરે. અમારે પક્ષપાતથી મુક્ત ક્વોલિટી ડેટા સેટ બનાવવો પડશે, વડાપ્રધાન મોદી ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથે અંઈ એક્શન સમિટની સહ-અધ્યક્ષતા કરી રહ્યા છે. આ પહેલા ડ્ઢખ મોદી સોમવારે પેરિસ પહોંચ્યા હતા. ઓર્લી એરપોર્ટ પર ઉતર્યા બાદ તેઓ રાષ્ટ્રપતિ મેક્રોન દ્વારા આયોજિત રાત્રિભોજન માટે એલિસી પેલેસ જવા રવાના થયા હતા.

PM મોદીના પેરિસ આગમન પહેલા એક વેબસાઈટને આપેલા ઈન્ટરવ્યુમાં રાષ્ટ્રપતિ મેક્રોને કહ્યું કે તેઓ અને વડાપ્રધાન મોદી 'ટેકનોલોજીકલ સાર્વભૌમત્વ' માટે પ્રયત્ન કરશે. ફ્રાન્સના રાષ્ટ્રપતિએ કહ્યું, 'વડાપ્રધાન મોદીની જેમ અમે પણ દૃઢપણે માનીએ છીએ કે ભારત અને ફ્રાન્સ બે મહાન શક્તિઓ છે અને અમારા વચ્ચે ખાસ સંબંધ છે.

અમે અમેરિકાનું સન્માન કરીએ છીએ અને તેની સાથે કામ કરવા માંગીએ છીએ, અમે ચીન સાથે પણ કામ કરવા માંગીએ છીએ, પરંતુ કોઈના પર નિર્ભર રહેવા માંગતા નથી.

મેક્રોને કહ્યું, 'ભારત અને ફ્રાન્સ આગળ છે પરંતુ અમેરિકા અને ચીન આપણાથી ઘણા આગળ છે. અમે અંઈ પર સાથે કામ કરવા માંગીએ છીએ.

પીએમ મોદી પણ નવી ટેકનોલોજીનો લાભ લેવા માંગે છે. પરંતુ તે ઇચ્છે છે કે ભારતમાં પણ આવું થાય. તાજેતરમાં, ભારતે એઆઈ સેક્ટરમાં તેની સ્થિતિ મજબૂત કરવા માટે ઘણી મોટી જાહેરાતો કરી છે.

આમાં, AI અને સંશોધન પર કામ કરતા સ્ટાર્ટઅપ્સ માટે ૧૮ હજાર GPUનું AI કમ્પ્યુટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવશે. અંઈ સમિટમાં ભાગ લેવાથી ભારતની જરૂરિયાતો માટે સ્વદેશી અંઈ મોડલ બનાવવામાં મદદ મળશે.

હાલમાં અમેરિકાએ ગદ્દશમશફના લેટેસ્ટ ચિપસેટની નિકાસ પર પ્રતિબંધ મૂક્યો છે. Nvidia ભારત અને ચીન સહિત અન્ય ઘણા દેશોમાં તેના નવીનતમ ચિપસેટ્સ મોકલતી નથી.



### કંપનીમાં નોકરી કરતાં યુવાનને સાથે જ નોકરી કરતાં મિત્રએ દગો કરી કેનાલ પાસે લઇ જઇ ઢાળી દીધો હતો

# મોબાઈલ માટે યુવાનનું ગળુ કાપી હત્યા

### કાવત્રાને અંજામ આપવા હત્યારાએ યુપીથી એક મિત્રને બોલાવ્યો: તેને પણ સામેલ કર્યો: પહેલા છરી બતાવ મોબાઇલનો પાસવર્ડ જાણી લીધો પછી એક શખ્સે યુવાનને પકડી રાખ્યો, બીજાએ ગળુ કાપી નાંખ્યું: હત્યારા ઝડપાઇ ગયા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૧**

રાજકોટ: અમુક હત્યાની ઘટનામાં ભેદ તુરત ઉકેલાઇ જતો હોય છે અમુક ઘટના મર્ડર મિસ્ટ્રી બની જતી હોય છે. કંઇક આવી જ એક ઘટનાનો પર્દાફાશ થયો છે. જેમાં એક યુવાનની ગળુ કાપી હત્યા કરવામાં આવી હતી. આ હત્યાનો ભેદ પોલીસે ઉકેલી હત્યારાને પકડી લીધો હતો. એક જ કંપનીમાં મૃતક અને મારાનારો સાથે નોકરી કરતાં હતાં. હત્યાનો ભોગ બનનાર યુવાન પાસે મોંઘો મોબાઇલ ફોન હોઇ તે પડાવવા માટે આરોપીએ તેને પતાવી દીધો હોવાનું ખુલતાં પોલીસ પણ ચોંકી ગઇ હતી. મોબાઇલ ફોન માટે હત્યાની આ ઘટનાએ ચકચાર જગાવી દીધી હતી. હત્યારાએ મોંઘો દાટ મોબાઇલ કોઇપણ ભોગે લૂંટી લેવા કાવત્રુ ઘડી યુપીથી પોતાના એક મિત્રને પણ નોકરીની લાલચે બોલાવી તેને પણ કાવત્રામાં સામેલ કર્યો હતો. આટો મારવાના બહાને મિત્રને કેનલા તરફ લઇ ગયા બાદ છરી બતાવી પહેલા તો તેના ફોનનો પાસવર્ડ જાણી લીધો હતો. પછી એક શખ્સે તેને પકડી રાખ્યો હતો અને બીજાએ છરીથી ગળુ વેંતરી નાંખ્યું હતું.




વિગતો પર નજર કરીએ તો આ બનાવ કચ્છના અંજારના વરસામેડી સીમમાં બની છે. અહિ રહેતા બે દીકરીના પિતાનું ગળું વેતરી મૃતદેહ કેનાલમાં ફેંકી દેનાર બીજું કોઇ નહીં પણ મૃતકે જેને રહેવા માટે રૂમ આપ્યો તે જ ઇસમે પોતાના સાગરીત સાથે મળીને મોંઘો મોબાઇલ પડાવી લેવાની લાલ્ચમાં આ હત્યા કરી હોવાનું ખુલ્યું છે. આ બાબતે પીઆઇ એ.આર.ગોહિલે વિગતો આપતાં જણાવ્યું હતું કે મૂળ ઉત્તરપ્રદેશના પ્રતાપગઢનો વતની રાહુલ ગૌડ અને તેની પત્ની પૂજા ગૌડ વેલસ્પન કંપનીમાં અલગ અલગ યુનિટમાં નોકરી કરે છે. તેમના ભાડાના ઘરના એક રૂમમાં રાહુલનો હમવતની મિત્ર ઈન્દ્રજીત ગુર્જર છેલ્લાં અઢી વર્ષથી રહેતો હતો.

વધુ વિગતો અનુસાર ઈન્દ્રજીત પહેલવાનસિંહ ગુર્જર પણ વેલસ્પન કંપનીના સિક્યોરીટી વિભાગમાં બાઉન્સર તરીકે નોકરી કરે છે. થોડા દિવસ પહેલા અંજારના અરિહંતનગર પાછળની નર્મદા કેનાલમાંથી રાહુલનો મૃતદેહ મળી આવ્યો હતો. ગળા પર છરી જેવા તીક્ષ્ણ હથિયારના ત્રણ ઘા મારેલાં હતાં. રાહુલ ગુરૂવારે સાંજે સાત વાગ્યે નોકરી પરથી છૂટ્યાં બાદ ગાયબ થયો હતો. આ મર્ડર મિસ્ટ્રીનો ભેદ ઉકેલીવા પોલીસની ટીમો કામે લાગી હતી અને સફળતા મળી હતી. પોલીસે હત્યા કરનાર ઈન્દ્રજીત ગુર્જરને પકડી લીધો હતો. પોલીસ ઇન્સ્પેક્ટર ગોહિલે જણાવ્યું કે રાહુલના મર્ડર કેસમાં ઈન્દ્રજીત ગુર્જરની ધરપકડ કરી છે, હત્યામાં સાથ આપનાર તેનો મિત્ર ધીરજકુમાર પોલીસના હાથ લાગ્યો નથી.

પોલીસે વધુમાં જણાવ્યું હતુ કે રાહુલે થોડાંક સમય અગાઉ સેમસંગ ગેલેક્સી કંપનીનો એકાદ લાખના મૂલ્યનો અલ્ટ્રા ૨૨ મોબાઈલ ફોન પચાસ હજાર રૂપિયામાં સેકન્ડ હેન્ડ ખરીદયો હતો. ઈન્દ્રજીતે આ ફોન ૬૦-૭૦ હજાર રૂપિયામાં વેચી આપી ફાયદો કરાવી આપશે તેમ રાહુલને જણાવ્યું હતું.મોંઘો ફોન જોઈને ઈન્દ્રજીતની 'દાઢ' ડળકી હતી.

તેણે થોડાંક સમય અગાઉ યુપીથી તેના મિત્ર ધીરજકુમારને અંજારમાં બોલાવ્યો અને નોકરીએ રખાવી દેવાનું વચન આપ્યું હતું. ઈન્દ્રજીતે ધીરજકુમાર જોડે મળીને આ મોબાઈલ ફોન લૂંટી લેવાનું કાવતરૂ ઘડ્યું હતું. એ પછી હવાફેર કરવાના બહાને નર્મદા કેનાલ પાસે લઈ આવ્યો હતો. ઈન્દ્રજીતે જાણ કરતાં ધીરજ પણ બનાવ સ્થળે પહોંચી આવ્યો હતો.બન્ને જણે સેમસંગ ફોન લઈ, તેનો પાસવર્ડ જાણીને ફોન લઈ લીધો હતો. બાદમાં ઈન્દ્રજીતે રાહુલને પકડી રાખેલો અને ધીરજે તેના ગળામાં છરી વડે વાર કરી મૃતદેહ કેનાલમાં ફેંકી દીધો હતો. પોલીસે ઈન્દ્રજિતને પકડી લઇ આ ભેદી હત્યાનો ભેદ ઉકેલી લીધો હતો.

ચોંકાવનાી આ હત્યાની ઘટના બાબતે વધુ વીગતો આપતાં પોલીસે જણાવ્યું હતું કે હત્યા કરનાર ધીરજકુમાર અને ઈન્દ્રજીત અગાઉ લખનૌમાં સાથે કામ કરતા હતાં. ધીરજકુમાર અગાઉ દિલ્હીના એક મર્ડર કેસમાં પણ પોલીસ ચોપડે ચઢી ચૂક્યો છે. ધીરજને પકડી લેવા અંજાર પોલીસે ચક્રો ગતીમાન કર્યા છે. એક નિર્દોષની મોબાઇલ ફોન માટે હત્યા થઇ ગયાની ઘટનાએ સૌ કોઇને ચોંકાવી દીધા હતાં.

### CMના અધ્યક્ષ સ્થાને ગુજરાત ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર પોલિસી (૨૦૨૫-૩૦) લોન્ચ

# ઈનોવેશન -ડિજિટલ ટ્રાન્સફોર્મેશન થકી રાજ્યનો થશે વિકાસ

### પોલિસી અન્વયે રાજ્યમાં ઓછામાં ઓછા ૨૫૦ નવા GCCની સ્થાપનાનું લક્ષ્ય: રૂ. ૧૦ હજાર કરોડથી વધુનું રોકાણ અને ૫૦ હજારથી વધુ નવી રોજગાર તકોની સંભાવના

રાજકોટ, તા. ૧૧

ગુજરાત ઉતરોતર પ્રગતિ કરી રહ્યું છે ત્યારે રાજ્યના તમામ શહેરાવ તથા જિલ્લાઓમાં યોગ્ય વિકાસ થાય તે માટે ગઈકાલે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા ગ્લોબલિટી સેન્ટર પોલીસી નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું અને તેને લોન્ચ પણ કરવામાં આવી.

ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા આ GCC પોલિસી રાજ્યમાં હાઈ વેલ્યુ જોબ અને સ્કિલ ડેવલપમેન્ટ તેમજ ઈનોવેશન અને ડિજીટલ ટ્રાન્સફોર્મેશનને પ્રોત્સાહન આપવા સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝ અને કનેક્ટિવીટીમાં વધારો કરીને તેમજ આર્થિક વૃદ્ધિ અને વૈશ્વિક સ્પર્ધાત્મક્તા જાળવી રાખીને ગુજરાતને પસંદગીનું GCC હબ તરીકે સ્થાપિત કરવા તૈયાર કરવામાં આવેલી છે.

આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાનના પદચિહ્નો પર ચાલતાં વર્તમાન સરકારે પણ પાછલા ૩ વર્ષોમાં સેમીકન્ડક્ટર પોલિસી, ગ્રીન હાઇડ્રોજન પોલિસી, IT અને ITeS પોલિસી, ટેક્ષટાઇલ પોલિસી, રીન્યુએબલ એનર્જી પોલિસી તથા બાયોટેક્નોલોજી પોલિસી જેવી ઈમર્જીંગ સેક્ટર્સની અનેક પોલિસીઝ જાહેર કરી છે.

આ પોલિસીમાં નવા કેપેબિલિટી સેન્ટર્સ માટે રોજગાર સહાય, વ્યાજ સહાય, ઈલેક્ટ્રીસિટી રીએમ્બર્સમેન્ટ સહિત વિવિધ પ્રોત્સાહનો પણ આપવામાં આવ્યા છે.

આ પોલિસીને પરિણામે રાજ્યમાં હવે ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર્સ શરૂ કરવા માટેનો માર્ગ મોકળો થયો છે તેમ પણ તેમણે જણાવ્યું હતુ.

ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, ઇનોવેશન અને બિઝનેસ રિઝિલીઅન્સ ને મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા નિભાવે છે તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રી પટેલે જણાવ્યુ કે, શરૂઆતમાં કોસ્ટ સેવિંગ યુનિટ તરીકે બનાવવામાં આવેલા GCCs હવે સ્ટ્રેટેજીક ઇનોવેશન હબ બની ગયા છે અને ટેકનોલોજી, ફાઇનાન્સ, એનાલિટિક્સ એન્જીનિયરિંગ અને ર્છેઉ જેવા વિવિધ ક્ષેત્રોમાં સેવાઓ પૂરી પાડે છે

એટલું જ નહિ, અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને સુરત જેવા શહેરોમાં ગિફ્ટ સિટી અને ઇનોવેશન કલસ્ટર જેવા મુખ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ ગુજરાતને ઈમ્પોર્ટન્ટ પ્લેયર તરીકે સ્થાપિત કરવામાં મદદ કરી રહ્યા છે.

આ ગુજરાત ગ્લોબલ કેપેબીલીટિ સેંટર પોલિસીનું વિઝન ઇનોવેશનને પ્રોત્સાહન આપવા સાથે વિશ્વસ્તરીય પરિસ્થિતિનું નિર્માણ કરીને ગુજરાતને GCCs માટેનું અગ્રણી સ્થાન બનાવવાનું છે તેમ ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતુ.

મુખ્યમંત્રીએ જણાવ્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારના આ વર્ષના બજેટમાં દેશમાં ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર્સને પ્રોત્સાહન આપીને નાના શહેરોના ટેલેન્ટ પુલને અવસરો મળે તે માટે ખાસ આયોજન કરવાની જાહેરાત કરવામાં આવી છે.

ગુજરાતની આ GCC પોલિસી પણ વડાપ્રધાનના વિઝન અને યુવાઓ માટેના મિશન બન્નેને પરિપૂર્ણ કરશે તથા વિકસિત ગુજરાતથી વિકસિત ભારત ૨૦૪૭ના નિર્માણની દિશામાં પ્રોત્સાહક બનશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

#### શું મળશે ગુજરાતને

**★ પોલિસી અંતર્ગત ગુજરાતમાં ઓછામાં ઓછા ૨૫૦ નવા GCC યુનિટ્સ સ્થાપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આનાથી રાજ્યમાં ૫૦,૦૦૦થી વધુ નવી નોકરીઓ ઉભી થશે.**

**★ GCC પોલિસીને પરિણામે રાજ્યમાં રૂ.૧૦,૦૦૦ કરોડથી વધુનું રોકાણ પણ થશે.**

**★ સ્પેશિયલ ઇન્સેટિવ પોલિસી હેઠળ,ટર્મ લોન પર ૭% વ્યાજ સબસીડી રૂપે સહાય આપવામાં આવશે જે મહત્તમ રૂ. ૧ કરોડની મર્યાદામાં રહેશે.**

# વાજપાઇ બેંકેબલ યોજમાં કુટીર ઉદ્યોગોને ૬૩૪ કરોડની સબસીડી

### રાજકોટ સહિત રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૭૪ હજારથી વધુ કુટીર ઉદ્યોગો નોંધાયા : વર્ષ ૨૦૨૫-૨૬માં લોનની મર્યાદા રૂ. ૮ લાખથી વધારીને રૂ. ૨૫ લાખ સામે મહત્તમ સબસીડીની મર્યાદા રૂ. ૧.૨૫ લાખથી વધારીને રૂ. ૩.૭૫ લાખ કરાઇ

રાજકોટ, તા. ૧૧

રાજ્ય સરકાર દ્વારા અમલી શ્રી વાજપાઇ બેંકેબલ યોજના અંતગર્ત ગુજરાતમાં છેલ્લા ત્રણ વર્ષમાં અંદાજે ૭૪ હજાર કરતાં વધુ કુટિર, ગ્રામોદ્યોગ, હાથવણાટ અને હસ્તકળા ક્ષેત્ર સાથે સંકળાયેલા કારીગરોને રૂ. ૬૩૪ કરોડની માતબર રકમની સબસીડી સહાયરૂપે આપવામાં આવી છે. આ કારીગરોને આર્થિક રીતે વધુ સક્ષમ બનાવીને તેઓ ગુણવત્તાયુક્ત જીવન જીવી શકે તે માટે રાજ્ય સરકાર હંમેશા પ્રયત્નશીલ છે. જે અંતર્ગત કૌશલ્ય સુધારણા, ટેકનોલોજી સુધારણા, નાણાકીય સહાય, બજાર પ્રોત્સાહન અને આંતર માળખાકીય સુવિધાના વિકાસ દ્વારા કારીગરોને સક્ષમ બનાવી, તેમની આવકમાં વધારો કરીને જીવનની ગુણવત્તામાં સુધારો કરવાના ઉદ્દેશ્ય સાથે રાજ્યના કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ હેઠળ શ્રી વાજપાઈ બેંકેબલ યોજના આશીર્વાદરૂપ બની છે.

રાજ્ય સરકાર દ્વારા અમલી આ યોજના અંતગર્ત વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૩,૬૫૯ લાભાર્થીઓને રૂ. ૧૯૭.૫૩ કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૮,૦૪૯ લાભાર્થીઓને રૂ. ૨૩૨.૭૪ કરોડ તેમજ વર્ષ ૨૦૨૪-૨૫માં જાન્યુઆરી માસ સુધીમાં ૨૩,૦૭૭ લાભાર્થીઓને રૂ. ૨૦૪.૪૦ કરોડની એમ કુલ ૭૪ હજાર કરતાં વધુ લાભાર્થીઓને રૂ. ૬૩૪ કરોડથી વધુ સબસીડી સહાયનો લાભ આપવામાં આવ્યો છે. આ યોજનાની સફળતાને જોતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ કુટિર, ખાદી અને ગ્રામોદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત તથા રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં લોન્ચ કરવામાં આવેલી કુટિર અને ગ્રામોદ્યોગ નીતિ ૨૦૨૪ અંતર્ગત આગામી વર્ષ ૨૦૨૫-૨૬ માટે લોન રકમની મર્યાદા રૂ. ૮ લાખથી વધારીને રૂ. ૨૫ લાખની કરવામાં આવી છે. જ્યારે મહત્તમ સબસીડીની મર્યાદા રૂ. ૧.૨૫ લાખથી વધારીને રૂ. ૩.૭૫ લાખ કરવામાં આવી છે.

વાજપાઈ બેંકેબલ યોજના હેઠળ ગુજરાતના શહેરી અને ગ્રામીણ વિસ્તારોના બેરોજગાર યુવાન-યુવતીઓને સ્વરોજગારી પુરી પાડવાના ઉમદા આશય સાથે રાજ્ય સરકાર દ્વારા કુટિર ઉદ્યોગના કારીગરોને રાષ્ટ્રીયકૃત, સહકારી, પબ્લિક સેક્ટર તેમજ ખાનગી બેંકો મારફતે નાણાકીય લોન-સહાય આપવામાં આવે છે. વધુમાં ખોડખાંપણ ધરાવતા દિવ્યાંગ, પ્રજ્ઞાચક્ષુ યુવાન-યુવતીઓ પણ આ યોજનાનો લાભ લઈ શકે છે. આ યોજનાનો લાભ લેવા માટે ૧૮ થી ૬૫ વર્ષના કારીગરોએ ઓછામાં ઓછું ધોરણ-૪ પાસ કરેલું હોવું જોઈએ અથવા વ્યવસાયને અનુરૂપ ખાનગી સંસ્થામાંથી ઓછામાં ઓછા ૩ માસની અથવા સરકાર માન્ય સંસ્થામાંથી ઓછામાં ઓછા એક માસની તાલીમ લીધેલી હોવી જોઈએ અથવા એક વર્ષના ધંધાને લગતો અનુભવ અથવા વારસાગત કારીગર હોવા જરૂરી છે. વધુમાં આ યોજનાનો લાભ લેવા માટે કોઈ પણ આવક મર્યાદાઓનો બાધ નથી. રાજ્ય સરકાર દ્વારા કારીગરોને ઉદ્યોગ, સેવા તેમજ વેપાર ક્ષેત્ર માટે હાલ મહત્તમ રૂ. ૮ લાખ સુધીની લોન, જેમાં રૂ. ૧.૨૫ લાખ જેટલી મહત્તમ સબસીડી પણ આપવામાં આવે છે.

રાજ્યના વધુમાં વધુ કારીગરો પારદર્શિતા સાથે શ્રી વાજપાઇ બેંકેબલ યોજનાનો મહત્તમ લાભ લઈ શકે અને અરજી કરવામાં અનુકુળતા રહે તે માટે તેને ઓનલાઈન કરવામાં આવી છે. વેબસાઇટ .બહા.લીષફફિ.લિજ્ઞદ.શક્ષ પર ક્લિક કરીને લાભાર્થીઓ આંગળીના ટેરવે ઘરે બેઠા બેઠા ઓનલાઈન અરજી કરીને આ યોજનાનો લાભ લઇ શકે છે, એમ કુટિર અને ગ્રામોદ્યોગ વિભાગ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

### મિત્રતા કરતાં પહેલા કે પ્રેમમાં આગળ વધતા પહેલા વિચારવાનો સમય: ચોંકાવનારી ઘટના

# પ્રેમજાળમાં ફસાવી પરિણીતા સાથે દૂષ્કર્મ

### ઢગો હવસખોર કહેતો તારે તારા પતિ સાથે શરીર સંબંધ બાંધવાના નહિ, બહાર જવું હોય તો મારી મંજુરી લેવી: વિડીયો ફોટા વાયરલ કરવાની ધમકી આપતો

રાજકોટ: યુવતિઓ, સગીરાઓ, વિદ્યાર્થીનીઓ કે પરિણીતાઓને લેભાગુઓ ફસાવીને દૂષ્કર્મ આચરતા હોવાની તેમજ બ્લેકમેઇલ કરી ઘણીવાર રોકડ દાગીના પણ પડાવી લેતાં હોવાની ઘટનાઓ રોજબરોજની થઇ પડી છે. સોશિયલ મિડીયા થકી કે પછી પડોશમાં રહેતી હોય તેવી સગીરા, યુવતિઓ, પરિણીતાઓને કોઇપણ રીતે મોહજાળમાં ફસાવી તેની જિંદગી બરબાદ કરી નાખવાના કિસ્સાઓમાં અનેક હવસખોર જેલભેગા થઇ ગયા છે. વધુ બે ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં એક પરિણીતાને મિત્રતાના નામે ફસાવી બ્લેકમેઇલ કરી દૂષ્કર્મ આચરાયું છે, તો બીજામાં એક વેપારીએ ભાન ભુલી દિકરી જેવડી ઉમરની યુવતિને સરાજાહેર છેડતી કરી આઇ લવ યુ કહી દીધુ હતું.

વિગતો જોઇએ તો એક પરિણીતાને પડોશમાં જ રહેતાં શખ્સે ફસાવી હતી અને તેના ફોટા સોશિયલ મિડીયામાં વાયરલ કરવાની ધમકી દઇ વારંવાર દૂષ્કર્મ ગુજાર્યુ હતું. અગાઉ પરિણતાને મિત્રતા હતી તે તેણીએ તોડી નાખતા આ શખ્સ ઉશ્કેરાયો હતો અને બ્લેકમેઇલીંગ ચાલુ કર્યુ હતું. તે ત્યાં સુધી પરિણીતાને કહેતો કે તારે તારા પતિ સાથે ક્યારેક શરીર સંબંધ બાંધવાનો નહિ! બીજી ઘટનામાં એકાવન વર્ષના વેપારીએ ભાન ભુલી બાવીસ વર્ષની યુવતિનો હાથ પકડી લઇ આઇ લવ યુ કહી છેડતી કરી લીધી હતી. આ ઢગાને પોલીસે પકડી લઇ બરાબરનો કાયદાનો પાઠ ભણાવ્યો હતો.



**બીજી ઘટનામાં એકાવન વર્ષનો વેપારી ભાન ભુલ્યો: બાવીસ વર્ષની યુવતિનો હાથ પકડી કહ્યું આઇ લવ યુ!**

વિગતો પર નજર કરીએ તો આ બનાવ વડોદરા શહેરના એક વિસ્તારમાં બન્યો છે. અહિ રહેતી પરિણીત મહિલા પર યુવકે દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે ફતેગંજ પોલીસે દુષ્કર્મનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે અને આરોપીની શોધખોળ શરૂ કરી છે. વડોદરા શહેરમાં રહેતા પાંત્રીસ વર્ષીય મેહુલ રમણભાઈ પરમારે ત્રીસ વર્ષીય પરિણીત મહિલાને ફસાવી પહેલા મિત્રતા બાંધી હતી અને પછી તેણીને પ્રેમજાળમાં ફસાવી હતી. આ દરમિયાન આરોપી મેહુલ પરમારે મહિલા સાથેના ફોટા સોશિયલ મીડિયામાં વાયરલ કરી દીધા હતા. જેથી મહિલાએ યુવક સાથે મિત્રતા તોડી નાખી હતી. આ પછી પણ મેહુલ પવારે મહિલાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરીને બદનામ કરવાની ધમકી આપી હતી અને આરોપીએ મહિલા પર પાંચથી છ વખત અલગ અલગ હોટલમાં દુષ્કર્મ આચર્યુ હતું. આ પછી મહિલાને તેના ઘરેથી બહાર જવું હોય તો પણ આરોપી મેહુલને પૂછીને જવું પડતું હતું અને મહિલાને તેના પતિ સાથે શારીરિક સંબંધ નહીં રાખવા માટે પણ યુવકે જણાવ્યું હતું અને મહિલાનો વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હતી અને જબરજસ્તી દુષ્કર્મ આચર્યું હતું. જેથી મહિલાએ આ મામલે ફતેગંજ પોલીસ સ્ટેશનમાં યુવક સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે. જેના આધારે પોલીસે આરોપોની શોધખોળ શરૂ કરી છે.બીજા એક ચોંકાવનારા કિસ્સામાં એક જ્વેલરી શોપનો માલીક ભાન ભુલ્યો હતો અને તેણે બાવીસ વર્ષની યુવતિની છેડતી કરી લીધી હતી. વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં સોનીની દુકાન ધરાવતા જ્વેલર્સ ચિરાગ સુરેશભાઈ જાનીએ શાકભાજી લેવા માટે જઇ રહેલી બાવીસ વર્ષીય યુવતીની છેડતી કરી હતી. જેમાં આધેડ વેપારીએ યુવતીને પોતાની સાથે રિલેશનશિપ રાખવા માટે આઇલવયુ કહ્યું હતું અને જાહેરમાં હાથ પકડવાનો પકડાયો પ્રયાસ કર્યો હતો. યુવતીએ લક્ષ્મીપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે એકાવન વર્ષીય આધેડ વેપારી ચિરાગ જાનીની ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આમ લેભાગુઓ વિકૃત ઢગાઓ ક્યારે કોની સાથે શું કરે તે કહી શકાય નહિ. આવા લેભાગુઓથી બચવા માટે ચેતતા રહેવું ખુબ જરૂરી છે. રાજકોટ સહિત રાજ્યભરમાં રોજબરોજ કોઇને કોઇ બાળા કે યુવતિ કે પરિણીતા દૂષ્કર્મનો કે છેડતીનો ભોગ બનતી રહે છે. આ પ્રકારની ગુનાખોરીમાં ચિંતાજનક રીતે વધારો થઇ રહ્યો છે. લેભાગુઓથી બચવા માટે કોઇની પણ સાથે મિત્રતા કરતાં પહેલા સો બસ્સો વખત વિચાર કરવો પડે તેવો સમય ચાલી રહ્યો છે.

### જેનુ ખાધુ એનુ જ ખોદ્યું: જ્યાં નોકરી કરતાં હતાં ત્યાં જ દગાખોરી આચરી

# ત્રણ કર્મચારીઓ પેઢીનું ૭૦ લાખનું સોનુ કરી ગયા ચાઉ

## પેઢીના માલિકને ખબર પડી કે ચૌદસો ગ્રામ સોનુ ગાયબ છે, તપાસ શરૂ કરતાં થોડુ પાછુ આપી દીધુ બાકીનું પરત ન આપતાં પોલીસ તપાસનો ધમધમાટ



રાજકોટઃ ગુજરાતીમાં એવી કહેવત છે કે જેનું ખાધુ એનુ જ ખોદ્યું. આ પ્રકારની ઘટનાઓ અનેક વખત બનતી હોય છે. જેમાં કોઇ એવા કર્મચારીઓ હોય છે જે પોતે જ્યાં નોકરી કરતાં હોય છે ત્યાં જ ચોરી કરતાં હોય છે. રાજકોટમા ગઇકાલે જ આવી એક ઘટનમાં મોબાઇલની દૂકાનનો કર્મચારી પોતાની પાસે રહેતી બીજી ચાવીનો ઉપયોગ કરી મોબાઇલ ફોન ચોરીને ભાગી ગયો હતો. ત્યાં હવે એક ઘટનામાં ત્રણ કર્મચારીઓ પોતે જ્યાં નોકરી કરતાં હતાં તે જ્વેલર્સ શોપના માલિકનું સિત્તેર લાખનું સોનુ ખાઇ જતાં વાત પોલીસ સુધી પહોંચી હતી.

વિગતે વાત કરીએ તો આ બનાવમાં નવરંગપુરામાં કર્મચારીઓએ પોતાના માલિક સાથે ગદ્દારી કરીને ચોરીની ઘટનાને અંજામ આપી હોવાની ઘટના સામે આવી છે. બુલીયનના વેપારીની જાણ બહાર ત્રણ વિશ્વાસુ કર્મચારીઓએ ૧૪૦૦ ગ્રામ સોનુ ચોરી લીધુ હતું. જેમાંથી ૫૦૦ ગ્રામ સોનાના રૂપિયા પરત આપ્યા હતા અને બીજા ૯૦૦ ગ્રામ સોનાના ૭૦ લાખ રૂપિયા ચાઉ કરી દીધા હતા. આ અંગે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા ઇન્દ્ર-સ્થ ગુલમહોર ખાતે રહેતા -તિક સોનીએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં યશ સોની, હાર્દિક કાનાની અને અમિત ભાલાણી વિરૂદ્ધ ૭૦ લાખના છેતરપિંડીની ફરિયાદ કરી છે. પ્રતિક સોની મુળ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુતાના રહેવાસી છે અને છેલ્લા ઘણા સમયથી વસ્ત્રાપુર ખાતે પરિવાર સાથે રહે છે.

વધુ માહિતી અનુસાર પ્રતિક સોની વર્ષ ૨૦૧૪થી સીજીરોડ પર થર્ડ આઇ થ્રી કોમ્પલેક્ષમાં આરવ જ્વેલર્સ નામથી સોના-ચાંદીનો ધંધો કરે છે. સવારે ૧૧ વાગે પ્રતિક સોની શોપ આવે છે અને રાતે ૮.૩૦ સુધી રહે છે. આરવ જ્વેલર્સમાં કુલ ચાર કર્મચારીઓ કામ કરે છે, જેમાં એક હાર્દિક કાનાની છે, જે છેલ્લા સાત વર્ષથી નોકરી કરે છે. હાર્દીકનું કામ એકાઉન્ટ, બુંકિગ તેમજ ડિલિવરીની એન્ટ્રી કરવાનું છે. આ સિવાય અમિત ભાલાણી દોઢ વર્ષથી નોકરી કરે છે, જેનું કામ એકાઉન્ટને લગતુ કામ છે. ત્યારે ત્રીજો યુવક યશ સોની છે જે ચાર મહિનાથી નોકરી કરતો હતો. યશ સોનીનું કામ ડિલિવરી તેમજ બુકિંગ કરવાનું છે. પ્રતિકની શોપ પર વેચાણ માટે રહેતુ સોનુ ડ્રોવરમાં રાખેલુ હોય છે, જેની ચાવી હાર્દિક તથા યશ પાસે હોય છે. જ્યારે કોઇ વેપારી દ્વારા આરટીજીએસ દ્વારા પેમેન્ટ કરે છે ત્યારે તેને સોનાની ડિલિવરી આપવાની હોય છે. યશ સોની દ્વારા સોનાની ડિલિવરી આપવામાં આવે છે.

આ સિવાય અભિષેક શર્મા નામનો યુવક પણ બે મહિના પહેલા નોકરી લાગ્યો હતો, જે હાલ તમામ કામગીરી શીખી રહ્યો છે. મહિને એકાદ વખત -તિક બેંકનું સ્ટેટમેન્ટ ચેક કરે છે અને હિસાબ જોતો હોય છે. બે દિવસ પહેલા -તિકે શોપ પર આવીને કોમ્પ્યુટરમાં એન્ટ્રી કરેલા હીસાબો ચેક કરતો હતો. હિસાબ જોતાની સાથેજ એક વેપારી જૈન ચેઇનના હિસાબમાં ૫૦૦ ગ્રામની ડિલિવરી વધારે દર્શાવી હતી. ૫૦૦ ગ્રામની સોનાની ડિલિવરી મામલે -તિકે બેંકનું સ્ટેમેન્ટ ચેક કર્યુ હતું, જેમાં ખબર પડી હતી કે જૈન ચેઇનની કોઇ રકમ જમા થઇ નથી. આ બાબતે પ્રતિકે હાર્દિક કાનાની પાસે ખુલાસો માંગ્યો હતો. જેમાં તેણે જણાવ્યું હતું કે, સોફ્ટવેરમાં ભુલથી એન્ટ્રી થઇ ગઇ છે.

પ્રતિકે ફરીથી હિસાબ ચેક કર્યો હતો જેમાં કોઇ ભુલ નહીં થઇ હોવાનો ઘટસ્ફોટ થયો હતો. પ્રતિકને શંકા થતા તેણે હાર્દીકને ગુસ્સામાં પુછ્યુ હતુ, જ્યાં તેણે કબુલાત કરી હતી કે, યશ સોનુ ૫૦૦ ગ્રામ સોનુ લઇને જતો રહ્યો છે. પ્રતિકે બીજા કર્મચારી અમિતની પણ પૂછપરછ કરી હતી, જેમાં તેણે સમગ્ર મામલે અજાણ હોવાનું જણાવ્યુ હતું. પ્રતિકને શંકા જતા તેણે શોપના સીસીટીવી ફુટેજ ચેક કર્યા હતા. સીસીટીવી કેમેરામાં સામે આવ્યુ કે, યશ સોનીએ ૩ ફેબ્રુઆરીના રોજ ડ્રોવરમાંથી સોનાની ચોરી હતી અને બાદમાં કોમ્પ્યુટરમાં એન્ટ્રી કરી હતી. પ્રતિકે આ મામલે તેના મિત્રોને વાત કરી હતી, જે તમામ યશના ગામડે ગયા હતા. યશ પોતાના ગામડે મળી આવતા તેણે ૫૦૦ ગ્રામ સોનાની ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. યશે પ્રતિકને જણાવ્યુ હતું કે, સોનુ વેચ્યા બાદ ૧૭ લાખ હાર્દિકને, બીજા ૧૭ લાખ અમિતને આપ્યા હતા અને ૧૨ લાખ રૂપિયા મારી પાસે રાખ્યા હતા. યશે તેના ઘરમાં છુપાવેલા ૧૨ લાખ રૂપિયા પ્રતિકને પરત આપી દીધા હતા. બાકીના સિત્તરે લાખનું સોનુ પાછુ ન આપતાં અંતે ફરિયાદ દાખલ કરાવાઇ હતી.

# નિકાસકારોને ઈ- સ્ક્રિપ્ટનો લાભ આપો : ચેમ્બર

## છેલ્લા ઘણા સમયથી એક્સપોર્ટ કરનાર વ્યાપારીઓને પડી રહી છે પારાવાર મુશ્કેલીઓ

રાજકોટ, તા. ૧૧

ભારત સરકારના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામ અંતર્ગત ઉત્પાદન તથા નિકાસ કરતા એકમો ને ઘણો ખરો લાભ આપવામાં આવે છે તેમાં પણ સવિશેષ કસ્ટમ્સ અને ડીજીએફટી વિભાગ દ્વારા નિકાસ કરવા માટે રેમિશન ઓફ ડ્યુટીસ એન્ડ ટેક્સ ઓન એક્સપોર્ટેડ પ્રોડક્ટ સ્કીમ અમલમાં જે મૂકવામાં આવેલી છે આ યોજના અંતર્ગત નિકાસકારોને અન્ય કોઈ સ્કીમ હેઠળ રિફંડ આપવામાં આવેલ ન હોય તેવા કેન્દ્ર તથા રાજ્ય સરકારના વિવિધ કર ડ્યુટીઓ માંથી રિબેટ આપવામાં આવતી હોય છે. કેન્દ્ર સરકારના નોટિફિકેશન ને ધ્યાને લઈ તેમાં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે કે નિકાસકારે ઈસક્રીપ્ટ ઓપ્શન નો એક વર્ષની અંદર અમલ ન કર્યો હોય તેવા કિસ્સામાં દરેક સ્ક્રોલમાં સ્ટેશન




વાઈઝ અને સ્કીમ વોઈસ મળવાપાત્ર ડ્યુટી ક્રેડિટ કસ્ટમસની ઓટોમેટેડ સિસ્ટમ હેઠળ સિંગલ સ્ક્રિપ્ટ ફોર ડ્યુટી ક્રેડિટ જનરેટ થતી હોય છે. છતાં પણ ઉપર દર્શાવેલ સ્પષ્ટ જોગવાઈઓમાં ઈસ્ક્રિપ્ટ ફોટો જનરેટ થતા ન હોવાના કારણે જો કોઈ નિકાસકાર નવેસરથી ઈસક્રીપ્ટ જનરેટ કરવાની પ્રક્રિયા હાથ ધરે તો તેવા કિસ્સામાં એક વર્ષથી વધુ સમય વ્યતીત થયેલો હોવાથી ટાઈમ બોર્ડ ગણવામાં આવે છે.

ખાસ કરીને એક ઓક્ટોબર ૨૦૨૪ થી નવા રીજીમ મુજબ કોઈપણ નોટિફિકેશન કે સર્ક્યુલર વગર એપ્રિલ ૨૦૨૩ થી સપ્ટેમ્બર ૨૦૨૩ ના શીપિંગ બિલ એપ્લિકેશન મોડેલ માંથી નીકળી ગયા છે જે ફરીથી દરેક સ્ક્રોલ વાઈસ ઈસક્રીપ્ટ જનરેટ કરાવી આપે છે ત્યારે રેગ્યુલર સોફ્ટવેર અપડેટ થતા હોવાના કારણે જે મળવાપાત્ર ડ્યુટી ક્રેડિટની જે સમય મર્યાદા છે તે એક વર્ષ માટે પ્રતિબંધિત કરવામાં આવી જેના કારણે એ સ્ક્રીપ્ટમાં ઉપયોગ ન લેવાયેલ ડ્યુટી સ્કીમની રકમ ક્ષતિગ્રસ્ત ગણી નકારવામાં આવે છે આનાથી અનેક નિકાસકારોને ડ્યુટી ક્રેડિટ માટે ઘણી મુશ્કેલીઓનો પણ સામનો કરવો પડે છે.

ઉપરોકત સંદર્ભમાં રાજકોટ ચેમ્બર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા સરકારને ઉદાહરણ સાથેનો સ્પષ્ટ કિસ્સો રજુ કરેલ છે કે જેમાં સરકારના નોટીફિશેન અંતર્ગત કરવાપાત્ર ય-જ્ભશિા નો યોગ્ય અને નિયમબધ્ધ અમલ કરવામાં આવેલ હોવા છતા તે નિકાસકારને ડ્યુટી ક્રેડીટ મળેલ નથી. તેથી વર્ષ ૨૦૨૧થી તમામ પેન્ડીંગ છ્જ્ઞઉઝઊઙ કિસ્સાઓને આજની તારીખ સધુીમાં ઓટો જનરેટ કરી તમામ નિકાસરોને આગામી બે વર્ષ સુધી આવી ઉપયોગી અને લાભદાયી સ્કીમનો પુરે પુરો લાભ મેળવી શકે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રા દ્વારા કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગમંત્રી પિયુષ ગોયેલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.

# રાજકોટમાં એક દિવસ્ય આધ્યાત્મ વિકાસ શિબિર

## ઈન્ટરનેશનલ એસોસિએશન ફોર સાયન્ટિફિક સ્પિરિચ્યુલિઝમ મેરઠ અને માનસ યોગ સાધના રાજકોટ પરિવારના સંયુકત ઉપક્રમે યોજાશે

રાજકોટની પ્રજાને ઘર આંગણે આરોગ્ય અને સ્વાસ્થ્યના મૂલ્યો તથા સ્વસ્થ જીવન,સ્વસ્થ મન તંદુરસ્ત શરીર રહેએ પાછળ કરવાના રોજિંદા યોગ અને તેના ફાયદાઓ સહિત અનેક આરોગ્ય લક્ષી સ્વાસ્થ્યની તકેદારીઓ રાખવા પાછળ ઉત્તમ માર્ગદર્શન તેમજ સાધ્ય-અસાધ્ય રોગોની નિદાન સારવાર અર્થે પૂરું પાડવા એક દિવસની આધ્યાત્મ વિકાસ શિબિરનું આયોજન.ઈન્ટરનેશનલ એસોસિએશન ફોર સાયન્ટિફિક સ્પિરિચ્યુલિઝમ મેરઠ અને માનસ યોગ સાધના રાજકોટ પરિવારના સંયુકત ઉપક્રમેએક દિવસની આધ્યાત્મ વિકાસ શિબિર તા.૨૫ ફેબ્રુઆરી ૨૦૨૫ મંગળવારના રોજ એ.ડી.બી. હોટલ, ૧૫૦ ફુટ રીંગ રોડ, માધાપર સર્કલ થી મોરબી બાયપાસ રોડ, રાજકોટ ખાતે યોજાશે.શિબિર સમય સવારે ૯ થી બપોરે ૨ રહેશે.આધુનિક અસંતુલીત જીવનશૈલીના કારણે આપણે સમસ્યા અને અસાધ્ય રોગ-ોનો ભોગ બની રહયા છીએ. કબજીયાત, એસીડીટી, ગેસ, સ્થૂળતા, બી.પી, ડાયાબીટીસ, માથાનો દુઃખાવો, હૃદયરોગ, કેન્સર, ઘુંટણનો દુઃખાવો, અનિયમિત માસિક સ્ત્રાવ જેવા અનેક રોગોથી પીડીત છીએ.ત્યારેતપ-સેવા-સુમિ-રનનાં ત્રિસ્તરીય રામચરિત આધારીતમાનસ યોગ સાધનાને અપનાવી અખંડ સ્વાસ્થ્ય, શકિત, આનંદ, જ્ઞાન અને પ્રેમની પ્રાપ્તિ માટે જાહેરાત જનતાને આ શિબિરનો લાભ લેવા ભાવભર્યુ આમંત્રણ પાઠવામાં આવ્યું છે. ડો.ગોપાલ શાસ્ત્રીજી (મેરઠ)નું મુખ્ય માર્ગદર્શન લોકોને મળશે.આ ભવ્ય શીબિરનો લાભ લેવા વહેલી તકે તા.૧૨-૨ થી તા. ૨૨-૨ દરમ્યાન રજીસ્ટ્રેશન કરાવી પાસ મેળવાનો રહશે.તેમજ એક દિવસની શિબિર ફીની રૂ.૧૫૦ કિંમત છે.શિબિર વિષેની વધુ માહિતી મેળવવા માટે

ડો.ચંદ્રકાન્તભાઈ પાંચાણી ૯૮૭૯૮ ૭૯૪૮૭,પરેશભાઈ સાદરીયા ૯૮૨૪૫ ૧૮૦૦૧,મનવીરભાઈ ફુગસિયા ૯૮૯૮૦ ૦૩૬૪૪ સંપર્ક કરવાનો રહેશે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# ઝૂમ બરાબર ઝૂમ શરાબી

## દારૂડિયા ઝૂમે છે, શહેરીજનો ઝઝૂમે છે : તંત્ર આરામમાં



રાજકોટ રંગીલામાંથી દારૂડિયુ શહેર બનવા લાગ્યું છે. પોલીસ તંત્ર ક્યારેક ક્યારેક દરોડા પાડીને વિદેશી દારૂ ઝડપે છે, પરંતુ રાજકોટના ખૂણે ખૂણે દેશીની રમઝટ બોલે છે જેના પર કોઈ જ કાર્યવાહી થતી નથી લોકો મજાકમાં કહે છે કે સેટિંગ બરાબરનું ગોઠવાઈ ગયું હશે. દેશી પર પ્રતિબંધ જ ન હોય તેમ ખુલ્લેઆમ અડ્ડાઓ ધમધમી રહ્યા છે અને પીધેલા લથળિયા ખાતા દેખાઈ રહ્યા છે.

રૈયા રોડ પર એક સોસાયટીમાં પીધેલા ડીંગલ કરી રહ્યાની ફરિયાદ એ લોકોએ કરી છે, જોકે સમગ્ર રાજકોટમાં દેશી પીધેલા બેફામ બની રહ્યા છે, દારૂડિયા અંગે રજૂઆત કરવાની હિંમત દેખાડનારા અભિનંદનને પાત્ર છે. આ અંગે જાણકારો કહે છે કે પોલીસ તંત્રને દારૂ તંત્રના સેટિંગના કારણે હવે સામાન્ય લોકો રજૂઆત કરતા પણ ડરી રહ્યા છે. આ સેટિંગના કારણે લોકો મહાત્રાસ સહન કરી રહ્યા છે.

એકલદોકલ માણસ ફરિયાદ કરે તો તેને નજરમાં રાખવામાં આવતા હોવાની વાતો પણ થાય છે. એક અંદાજ પ્રમાણે દેશી દારૂનું કરોડો રૂપિયાનું ટર્નઓવર છે. બનાવનારા, વેચનારા, સેટિંગ કરનારા માલામાલ બની રહ્યા છે અને પીનારા બરબાદ થઈ રહ્યા છે.

આ ખતરનાક દુષણે રાજકોટમાં બરાબરનો ભરડો લીધો છે. દારૂ વિરોધી તંત્ર શરમ વગરનું બનીને કટકટાવી રહ્યું છે. આશ્ચર્ય એ છે કે સામાન્ય લોકો પરેશાન છે, છતાં ચૂંટાયેલા નેતાઓના પેટનું પાણી હલતું નથી. લોકો માનવા લાગ્યા છે કે બધાને પોતપોતાનો ભાગ મળી જતો હશે.

માર્કિંગ કરવા જેવી બાબતે છે કે તાજેતરના માર્ગ અકસ્માતો થયા છે તેમાંના મોટાભાગના અકસ્માતો નશાની હાલતમાં ડ્રાઈવિંગ કરવાના કારણે થયા છે. નશો કોક કરે. હપ્તા કોક ખાય, માલામાલ કોક બને અને નિર્દોષ લોકો નશાબાજોનો ભોગ બને છે.

આ સ્થિતિ સહન થાય તેવી નથી અને સહન કરવા જેવી પણ નથી. રાજકીય પક્ષો, સામાજિક સંસ્થાઓ, જાહેર જીવનના અગ્રણીઓ બધા મૌન છે. રાજકીય પક્ષોની ભૂમિકા શંકાસ્પદ છે. સામાન્ય લોકો દારૂડિયાઓથી અને ફૂટેલા તંત્રથી ફફડી રહ્યા છે. આ સ્થિતિમાં શું કરવું ? નિર્દોષ લોકોએ દારૂડિયાના વાહન હેઠળ કચડાઈને જીવ આપતા રહેવાનું ?

એકલદોકલ વ્યક્તિ કે એકાદ સોસાયટી અવાજ ઉઠાવે તો તેનું કંઈ ઉપજે તેમ નથી. દારૂના દુષણ સામે સ્વયંભૂ અને સામુહિક જંગ શરૂ થવો જરૂરી છે. સામૂહિક, વ્યાપક અવાજ ઉઠે તો રાજનીતિથી માંડીને તંત્રએ સક્રિય થવું જ પડે. સમગ્ર રાજકોટમાં લોકોએ જ દારૂના અડ્ડા પર દરોડા પાડવાના શરૂ કરવા પડશે. કાયદો હાથમાં લેવો એ આવકાર્ય નથી, પરંતુ જેના હાથમાં કાયદો છે એ કંઈ ન કરે તો શું કરવાનું ?

દારૂડીયાને સહન કરતા રહેવાથી દૂષણ બની જશે. ચારે બાજુ ઝૂમ બરાબર ઝુમ શરાબીના દ્રશ્યો સર્જાશે ઝઝૂમવું અનિવાર્ય છે.



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# ભારતે US સ્થિત બાર ગેંગસ્ટરોનું હિટ લીસ્ટ કર્યું તૈયાર

## કેન્દ્રીય એજન્સીની યાદીમાં અનમોલ બિશ્નોઈ ગોલ્ડી બ્રાર સહિતના ખૂનખાર ગેંગસ્ટોરના નામો



નવીદિલ્હી, તા. ૧૧

ગૃહ મંત્રાલયના નિર્દેશને પગલે, ભારતની ટોચની સુરક્ષા એજન્સીઓએ યુનાઇટેડ સ્ટેટ્સમાં સ્થિત ૧૨ ગેંગસ્ટરોની યાદી તૈયાર કરી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આ અઠવાડિયે યુનાઈટેડ સ્ટેટ્સની મુલાકાત દરમિયાન વોશિંગ્ટનમાં સંબંધિત અધિકારીઓ સાથે સૂચિ શેર કરવામાં આવી શકે છે - ડોનાલ્ડ ટ્રમ્પ ઓવલ ઓફિસમાં પાછા ફર્યા પછી તેમની પ્રથમ મુલાકાત.

આ યાદીમાં અનમોલ બિશ્નોઈ અને ગોલ્ડી બ્રાર જેવા કુખ્યાત નામો સામેલ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, જ્યારે કેન્દ્રીય એજન્સીઓ પાસે પહેલાથી જ વિદેશમાં ફરાર ગુનેગારોની યાદી હતી, ત્યારે થોડા અઠવાડિયા પહેલા, તેમને ખાસ કરીને યુએસ સ્થિત ગુનેગારોની યાદી અને તેમના કેસની સ્થિતિ તૈયાર કરવા માટે કહેવામાં આવ્યું હતું.

''ગૃહ મંત્રાલયની સૂચનાઓને અનુસરીને, ૧૨ ગુનેગારોની સૂચિ તૈયાર કરવામાં આવી હતી અને તેમના ગુનાહિત ડોઝિયર્સ જોડવામાં આવ્યા હતા. ભારતીય એજન્સીઓ દ્વારા (તેમને પાછા લાવવાના) પ્રયાસો પર એક નોંધ પણ જોડવામાં આવી છે,'' એક સૂત્રએ જણાવ્યું હતું કે, સુરક્ષા એજન્સીઓ ''તેમના યુએસ સમકક્ષો સાથે સરળ વાતચીત કરવા માટે આતુર છે'' આ વિષય પર ''આશા છે કે દેશનિકાલમાં સમાપ્ત થશે''. જાણવા મળ્યું છે કે આ યાદીમાં બ્રારના સહયોગી દરમનજોત સિંહ કાહલોન ઉર્ફે દરમન કાહલોન, અમૃતપાલ સિંહ, હરજોત સિંહ, હરબીર સિંહ, નવરૂપ સિંહ, સ્વર્ણ સિંહ ઉર્ફે ફૌજી, સાહિલ કૈલાશ રિતૌલી, યોગેશ ઉર્ફે બોબી બેરી, આશુ ઉર્ફે ભાનુ પ્રતાપ અને સંભાલીનો પણ સમાવેશ થાય છે.

NCP નેતા અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મંત્રી બાબા સિદ્દીકીની હત્યાનો માસ્ટરમાઈન્ડ કરનાર ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલની ગયા વર્ષે નવેમ્બરમાં યુએસમાં ધરપકડ કરવામાં આવી હતી જ્યારે ઈમિગ્રેશન અધિકારીઓએ તેને બનાવટી દસ્તાવેજો સાથે મુસાફરી કરતા શોધી કાઢ્યો હતો. ત્યારથી તે અમેરિકાની જેલમાં છે. ગયા મહિને, મુંબઈની વિશેષ અદાલતે સિદ્દીકીની હત્યાના સંબંધમાં અનમોલ અને અન્ય બે વોન્ટેડ આરોપીઓ સામે બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું હતું.બ્રાર, જેને કેન્દ્ર દ્વારા ગેરકાનૂની પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ હેઠળ આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો, તે પંજાબી ગાયક સિદ્ધુ મૂઝવાલાની હત્યાનો કથિત માસ્ટરમાઈન્ડ છે. બિશ્નોઈ ગેંગનો મુખ્ય સભ્ય બ્રાર પંજાબના ફરીદકોટનો વતની છે. તેનું સાચું નામ સતીન્દરજીત સિંહ છે.

તે ૨૦૧૭માં સ્ટુડન્ટ વિઝા પર કેનેડા આવ્યો હતો અને બાદમાં કેલિફોર્નિયા ગયો હતો.

# દ્વેષપૂર્ણ ભાષણના કેસોમાં ''આઘાતજનક'' વધારો : રિપોર્ટ

## વોશિંગ્ટન સ્થિત સંશોધન જૂથ ઈન્ડિયા હેટ લેબના અહેવાલ મુજબ, મુસ્લિમ અને ખ્રિસ્તી લઘુમતીઓને નિશાન બનાવતી દ્વેષપૂર્ણ ભાષણની ઘટનાઓની સંખ્યા ૬૬૮ થી વધીને ૧,૧૬૫ થવાની ધારણા



નવીદિલ્હી, તા. ૧૧

વડા પ્રધાન નરેન્દ્ર મોદી સહિત, સોમવારે જાહેર કરાયેલા અહેવાલ અનુસાર, ભારતના ધાર્મિક લઘુમતીઓએ છેલ્લા એક વર્ષમાં દ્વેષપૂર્ણ ભાષણના કેસોમાં ''આઘાતજનક'' વધારોનો સામનો કર્યો છે. વોશિંગ્ટન સ્થિત સંશોધન જૂથ ઈન્ડિયા હેટ લેબના અહેવાલ મુજબ, મુસ્લિમ અને ખ્રિસ્તી લઘુમતીઓને નિશાન બનાવતી દ્વેષપૂર્ણ ભાષણની ઘટનાઓની સંખ્યા ગયા વર્ષના ૬૬૮ થી વધીને ૨૦૨૪ માં ૧,૧૬૫ થવાની ધારણા છે, જે ૭૪% નો વધારો છે. આમાંના મોટા ભાગના, આશરે ૯૮%, સ્પષ્ટપણે અથવા ખ્રિસ્તીઓની સાથે મુસ્લિમોને નિશાન બનાવે છે. ભારતમાં ૨૦૨૪ માં દ્વેષપૂર્ણ ભાષણે ખતરનાક માર્ગને અનુસર્યો, જે શાસક ભારતીય જનતા પાર્ટી (BJP) અને વ્યાપક હિંદુ રાષ્ટ્રવાદી ચળવળની વૈચારિક મહત્વાકાંક્ષાઓ સાથે ઊંડાણપૂર્વક જોડાયેલું હતું,

ગયા વર્ષની ચૂંટણીમાં ત્રીજી મુદતમાં જીત મેળવનાર મોદી પર એક દાયકા કરતાં વધુ સમય પહેલાં સત્તા સંભાળી ત્યારથી ધાર્મિક તણાવ અને મુસ્લિમો અને અન્ય લઘુમતીઓ સામે હિંસા ભડકાવવાના ટીકાકારોએ આરોપ મૂક્યો હતો. ટીકાકારો કહે છે કે તેમના હિંદુ રાષ્ટ્રવાદી પક્ષે લઘુમતી ધર્મોનું પાલન કરતા લાખો લોકોના ભોગે ભારતને બંધારણીય રીતે બિનસાંપ્રદાયિકતાથી બંધાયેલ રાષ્ટ્ર ને હિંદુ રાષ્ટ્ર અથવા હિંદુ બહુમતીનું વતન બનાવવાની કોશિશ કરી છે. મોદી અને તેમની ભાજપે વારંવાર કહ્યું છે કે તેઓ લઘુમતી જૂથો સાથે ભેદભાવ નથી કરતા. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા જયવીર શેરગીલે સોમવારે આ અહેવાલની નિંદા કરતા કહ્યું કે તે ભારતની છબી ખરાબ કરવા માટે પ્રકાશિત કરવામાં આવ્યો છે. શેરગીલે સીએનએનને જણાવ્યું હતું કે, ''ભારત એક રાષ્ટ્ર તરીકે ખૂબ જ મજબૂત કાયદાકીય વ્યવસ્થા ધરાવે છે જે શાંતિ, વ્યવસ્થા જાળવવા અને કોઈપણ કિંમતે અહિંસા સુનિશ્ચિત કરવા માટે રચાયેલ છે. આજના ભારતને કોઈ પણ 'ભારત વિરોધી રિપોર્ટિંગ ઉદ્યોગ' પાસેથી કોઈ માન્યતાની જરૂર નથી, જે ભારતની છબીને બદનામ કરવા અને નુકસાન પહોંચાડવા માટે નિહિત સ્વાર્થો દ્વારા પ્રેરિત છે.

ગયા વર્ષે દ્વેષપૂર્ણ ભાષણે ''લાંબા સમયથી ચાલતી હિંદુ રાષ્ટ્રવાદી ધારણાઓ'' ને મજબૂતી આપી હતી, જેમ કે મુસ્લિમો અને ખ્રિસ્તીઓને ''બહારના,'' ''વિદેશી'' અને ''આક્રમણકારો'' તરીકે દર્શાવવા જેમની પાસે ભારતમાં રહેવાનો કાયદેસરનો દાવો નથી, અહેવાલમાં જણાવાયું છે.

તેમાં જાણવા મળ્યું છે કે ભાજપે ગયા વર્ષે લગભગ ૩૦% ધિક્કારજનક ભાષણોનું આયોજન કર્યું હતું, જે પાછલા વર્ષની સરખામણીમાં લગભગ છ ગણો વધારો હતો, તેના પક્ષના નેતાઓએ ૪૫૨ નફરતના ભાષણો કર્યા હતા, જે પાછલા વર્ષની સરખામણીમાં ૩૫૦% વધારે છે. સૌથી વધુ સામાન્ય ચૂંટણી પ્રચાર દરમિયાન નોંધાયા હતા. મોદી પર અગાઉ પણ ચૂંટણી પ્રચાર દરમિયાન ભાષણોમાં ઈસ્લામોફોબિક ટિપ્પણી કરવાનો આરોપ લાગ્યો છે.

# AAPનું પંજાબ એકમ સંકટમાં

## પંજાબના મુખ્યમંત્રીની AAP નેતાઓની સાથે દિલ્હીમાં યોજાઇ બેઠક : અરવિંદ કેજરીવાલ પણ રહ્યા હાજર

નવીદિલ્હી, તા. ૧૧

શું આમ આદમી પાર્ટી (આપ)નું પંજાબ યુનિટ મુશ્કેલીમાં છે? રાષ્ટ્રીય રાજધાનીમાં અરવિંદ કેજરીવાલ અને આપના એક દાયકાના શાસનનો અંત કરનાર દિલ્હીમાં ચૂંટણીની હાર બાદ હવે તમામ ધ્યાન પંજાબ પર છે. આપને હવે માત્ર મુખ્યમંત્રી ભગવંત માન દ્વારા શાસિત રાજ્યમાં બહુમતી છે. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું ભગવંત માનને બદલવામાં આવશે, તો પંજાબના મુખ્યમંત્રીએ હાંસી ઉડાવી હતી. પંજાબના મુખ્યમંત્રી આપ નેતાઓની બેઠક માટે દિલ્હીમાં હતા. મંગળવારની બેઠકમાં દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ, વરિષ્ઠ નેતા મનીષ સિસોદિયા, પંજાબના તમામ ધારાસભ્યો અને પક્ષના અન્ય મુખ્ય અધિકારીઓ હાજર રહ્યા હતા. અમારા ધારાસભ્યો અહીં પહોંચ્યા અને અમે પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ સાથે બેઠક કરી. તેમણે દિલ્હી વિધાનસભા ચૂંટણી દરમિયાન પ્રચાર કરવા માટે તમામનો આભાર માન્યો હતો.

પંજાબમાં અમારી સરકારે હંમેશા લોકોના કલ્યાણ માટે કામ કર્યું છે, પછી તે શિક્ષણ હોય કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્ર. આપણે વધુ વેગ આપવાની જરૂર છે.

ભગવંત માને કહ્યું કે જીત અને હાર એ રમતનો એક ભાગ છે. દિલ્હીના લોકો આજે પણ અમને તેમના માટે કામ કરનાર વ્યક્તિ તરીકે યાદ કરે છે. પંજાબમાં અમારી પાસે હજુ બે વર્ષ છે. અમે પંજાબને સારું મોડલ બનાવીશું. દિલ્હીમાં આપની કારમી હાર પછી, કોંગ્રેસે દાવો કર્યો હતો કે AAP રાજ્ય એકમમાં અસંતોષ છે, અને આ માટે તેના નેતાઓ અને કાર્યકરોની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો.

પંજાબ કોંગ્રેસના નેતા પ્રતાપ સિંહ બાજવાએ તાજેતરમાં દાવો કર્યો હતો કે રાજ્યના શાસક પક્ષના ૩૦ થી વધુ આપ ધારાસભ્યો તેમની પાર્ટીના સંપર્કમાં છે અને પક્ષ બદલી શકે છે.

બાજવાએ દાવો કર્યો કે આ ધારાસભ્યોને સમજાયું છે કે આપ સાથે ચાલુ રાખવું લાંબા ગાળે રાજકીય રીતે ફાયદાકારક નહીં હોય. રાષ્ટ્રીય રાજધાનીમાં કપૂરથલા હાઉસ ખાતે પંજાબના ધારાસભ્યોની બેઠકે ધ્યાન ખેંચ્યું હતું, જેમાં ભાજપના વરિષ્ઠ નેતાએ એવો દાવો કર્યો હતો કે શ્રી કેજરીવાલ શ્રી માનને મુખ્યમંત્રી તરીકે બદલવાનો પ્રયાસ કરી રહ્યા છે. રાજૌરી ગાર્ડનના નવા ચૂંટાયેલા ધારાસભ્ય મનજિન્દર સિંહ સિરસાએ એક વીડિયોમાં દાવો કર્યો હતો કે આપના રાષ્ટ્રીય સંયોજક શ્રી માનને ''અયોગ્ય'' ગણાવીને હટાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

દિલ્હી ચૂંટણી હાર્યા બાદ અરવિંદ કેજરીવાલે પંજાબના ધારાસભ્યોની દિલ્હીમાં બેઠક બોલાવી છે. અહેવાલો અનુસાર, તેઓ ભગવત માનને અયોગ્ય ગણાવીને સીએમ પદ પરથી હટાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓ મહિલાઓને રૂ. ૧,૦૦૦ આપવાના તેમના વચનને પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા, માદક દ્રવ્યોના દુરૂપયોગને કાબૂમાં લેવામાં નિષ્ફળ ગયા અને પંજાબની સ્થિતિ વધુ ખરાબ કરી. હવે તે સમગ્ર નિષ્ફળતાનો દોષ ભગવંત માન પર ઢોળવા માંગે છે.

તે આપ પંજાબના ધારાસભ્યોને કહે છે કે કેજરીવાલ 'સારા માણસ' છે અને તેમને મુખ્ય પ્રધાન બનાવવો જોઈએ, તેમણે કહ્યું.

જ્યારે માનને આ દાવા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે હસીને કહ્યું, ''તેમને કહેવા દો''. તેમણે એ પણ ખાતરી આપી કે પંજાબ સરકાર મહિલાઓને દર મહિને ૧,૦૦૦ રૂપિયા આપવાનું પોતાનું વચન પૂરું કરશે.

શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## હકારાત્મક જીવન માટે નરસિંહનું ''જે ગમે જગતગુરુ જગદીશ ને ! એક ઉત્તમ વિચાર



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. નરસિંહ જાગૃતિનાં કવિ છે, અને હમણાં ગુરુવારે પ્રાર્થનાનાં દોરમાં એના પર લખવાનું હોવાથી વહેલા જગાડી દે છે. આજે પણ એના વિશે અંતરમાં જો ચિંતન થાય તો વ્યક્તિ જાગૃત થઈ શકે, એટલી તીવ્રતા તેનામાં છે. આજકાલ જીવનમાં સૌ નિરાશ થઈ ગયા છે, કારણ કે કોઈને આવતીકાલ ઉજળી દેખાતી નથી. ત્યારે હકારાત્મકતા તરફ જીવનને લઈ જવા માટે, પહેલા દરેકે પોતાના જીવનમાં હકારાત્મક અભિગમ કેળવવો પડશે. હકારાત્મક બનવા માટે વધુ એક નવીન પ્રયોગ કર્યો, આ પ્રકૃતિની નિયમિતતા અને હકારાત્મકતાને શ્વાસમાં ભરી અંદર લઈ ઉપર સુધી ખેંચી એટલે કે તાજી હવાને શ્વાસમાં લઈને પછી પાંચ પ્રાણાયામ કર્યા. ઓમકારની એ ગુંજ મન મસ્તિષ્ક બંનેને પ્રસન્ન કરવા માટે કાફી છે. નરસિંહનું એક પદ આપણે જોઈ ગયાં અને માનસ વૈષ્ણવ બન્યો. આજે આપણે હકારાત્મકતા તરફ લઈ જાય એવું નરસિંહનું એક બીજું સુપ્રસિદ્ધ પદ, જે ગમે જગત ગુરૂદેવ જગદીશને એ વિશે ચિંતન કરીશું.

નરસિંહ મહેતા

જે ગમે જગત ગુરુ દેવ જગદીશને,
તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે,
ઊગરે એજ ઉદ્વેગ ધરવો,
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને.

જીવનને હકારાત્મકતા તરફ લઈ જવા માટે, આનાથી ઉત્તમ વિચાર બીજો એક પણ હોઈ શકે નહીં. પૂર્ણપણે અસ્તિત્વમાં સમર્પણ, એ જ શ્રેષ્ઠ ઉપાય છે. જગત જગદીશ્વરની ઈચ્છા મુજબ જ બસ અહીં બધું થઈ રહ્યું છે, માટે તેનો હર્ષ કે શોક કરવો એ વ્યાજબી નથી આપણે લાખ પ્રયત્ન કરીએ અથવા તો વિચારીએ, કે આમ થયું હોત તો સારું હતું, અથવા તો આમ થાય તો સારું. પરંતુ એવું થતું નથી, કારણ કે એ જીવની ઈચ્છા છે, જ્યારે અહીં તો શિવ એટલે કે જગદીશની ઈચ્છા મુજબ બધું થાય છે.એટલે સુખ દુખનો ઉદ્વેગ મનમાં કર્યા વગર જે કંઈ ઘટના ઘટી રહી છે તે આપણા હિત માટે જ ઘટી છે, એવું વિચારી અને જીવવું, એવું કવિ કહેવા માંગે છે.

હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા,
સકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે,
જોગી જોગેશ્વરા કંઈક જાણે,
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને.

આ જગત ઈશ્વર આધીન અને ઈશ્વર ઈચ્છાથી જ ચાલતી હોવા છતાં જીવની અજ્ઞાનતા એ છે કે દરેક કાર્યમાં પોતાનું હું પણું નાખ્યા વગર તેને ચાલતું નથી, અને કુટુંબમાં હોય કે સમાજમાં હોય, તેને સતત એવું લાગે છે, કે આ બધું જ મારા થકી છે. મેં આમ કર્યું માટે આમ થયું, નહીં તો કંઈ જ થાય નહીં. એટલે કે તેના એકથી જ જગત ચાલે છે, તેઓ તેને ભાસ થાય છે, પરંતુ હકીકત તો એ છે કે સૃષ્ટિના મંડાણ જ તેના થકી છે, અને તેને કેમ જીવવું એ પણ તેના હાથમાં છે. પરંતુ જીવ ક્યાં આસાનીથી હું પણું છોડી શકે છે. ઈશ્વર વિશેનાં અને પ્રકૃતિ વિશેના આવા ગૂઢ રહસ્યનું આ સત્ય જોગી જોગેશ્વરા એટલે કે સાચા સંત મહાપુરૂષો જાણી ચૂક્યા છે.

નીપજે નરથી તો કોઈ ના રહે દુઃખી,
શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દ્રષ્ટે આવે નહિ,
ભવન પર ભવન પર છત્ર દાખે,
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને.

જો આ બધું જ મનુષ્યના હાથની વાત હોત, તો અહીં કોઈ જ દુઃખી ન હોત અને કોઈને શત્રુ પણ નહોત. કારણ કે શત્રુ મારીને બધા મિત્ર બનાવે,તેમજ સંસારમાં ક્યાંય રાય રંકનો ભેદ નહોત, આ વાત લખી કવિ અહીં ધીરેકથી કર્મનો સિદ્ધાંત, અને પુનર્જન્મની વાત મૂકે છે, અને કહે છે કે સારું કર્મ કરીએ તો સારા ભાગ્યની પ્રાપ્તિ થાય, ઉપરાંત ભવન પર ભવનનું છત્ર એટલે સ્વર્ગની વાત પણ રાખી.

ઋતુલતા પત્ર ફળ ફૂલ આપે યથા,
માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું,
તેહને તે સમે તે જ પહોંચે,
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને.

રોજ આપણે જે વાત કરી રહ્યા છીએ, કે પ્રકૃતિ નિયત સમયે એનું કાર્ય કરી રહી છે, એટલે કે ઋતુ લતા પોતાના સમયે ફળ ફૂલ આપે છે. પરંતુ માનવી મૂર્ખ છે કે પોતાની નિયતિ અનુસાર જે કાર્ય કરવા આવ્યો છે તે કરતો નથી, અને બીજે ફાફા મારે છે, અને ભોગવાદી માનસ હજી વધુની માંગને કારણે અહીં તહીં ભટકે રાખે છે. જેના ભાગ્યમાં જે સમયે જે કંઈ મળવાનું લખ્યું હશે, તે મળશે જ પરંતુ તેને સમયનો યોગ કહે છે, એટલે કે યોગ થાય ત્યારે જ તે મળે. જીવના પ્રારબ્ધમાં જો સુખ લખ્યું હશે, તો તેને કોઈ રોકી નહીં શકે, અને દુઃખ લખ્યું હશે તો તેની આડા કોઈ હાથ રાખી શકે નહીં.

સુખ સંસારી મિથ્યા કરી માનજો,
કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કર જોડી કરી નરસૈંયો એમ કહે,
જન્મ પ્રતિ જન્મ હરિને જ જાચું,
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને.

સંસારી માટે સુખ એ ઝાંઝવાના જળ સમાન છે, એને મિથ્યા કરી માનજો, એટલે કે તેની પાછળ દોડવાનું રહેવા દઈ, અને કૃષ્ણ ભક્તિમાં લીન થઈ રહેવું, એટલે કે ઈશ્વરની ભક્તિ કરી લેવી. નરસિંહ પોતાના ભાવને વિનમ્રતાથી મૂકતા કહે છે, કે હું તો જન્મ જન્મ હરિને જ માંગુ છું. કારણ કે જે ગમે જગત ગુરૂદેવ જગદીશને, એટલે જ પોતાનાં જીવનની એક પણ ઘટનાનો તેણે શોક કર્યો નથી.

આપણે જાણીએ છીએ કે નાગર નરસિંહને પોતાની જીવનયાત્રામાં કેટલા કેટલા સંકટો આવ્યાં. પરંતુ એ સંકટ સામે તેમણે ફરિયાદ કરી નથી, પરંતુ એ સંકટને સહન કરી અથવા તો પોતાનું ગણી સ્વીકારી લીધું, તો તેમાંથી આત્મચિંતન થયું. હકારાત્મકતાનો સંદેશ આપતી નરસૈયાની આ કૃતિ અદભૂત છે,જાગ ને જાદવા થી, જીવને જગાડી અને પછી જે ગમે જગત ગુરુ, એટલે કે જાગ્યા પછી હકારાત્મક અભિગમ સાથે જીવનમાં આગળ વધવું. સંજોગો કોઈના એકસરખાં ક્યારે રહેતા નથી. આજે સુખ તો આવતીકાલે દુઃખ, અને આજે દુઃખ તો આવતીકાલે સુખ એમ આ તડકી છાયડીમાં જ સૌના જીવન હોય છે. હા રૂપિયા પૈસાની તંગીને સુખ દુખ એવું નામ આપી શકાય નહીં, કારણકે રૂપિયા પૈસા વાળાને કોઈ દુઃખ હોતું નથી, એ વાત તદ્દન ખોટી છે. સમસ્યા તો આપણી કરતાં તેમને વધુ છે, અને સમસ્યા વગરનું જીવન આમ પણ નીરસ લાગે. જીવનમાં સંઘર્ષ આવે તો જ પાછળ પાછળ સંતોષ આવે, એ સત્ય જેટલું ઝડપથી સમજાય એટલું જીવન સરળ બને. નરસિંહ વિશે તો લખવા બેસીએ તો દિવસ-રાત ઓછા પડે, એક તો પ્રિય પાત્ર, અને આજકાલ તો સતત જહેનમાં રમતું તેનું અસ્તિત્વ, ક્ષણે ક્ષણે જીવનના નવા નવા અર્થો બતાવે છે. ક્યારેક જાગવું, ક્યારેક જાગીને ચાલવું, અને ક્યારેય ચાલતાં-ચાલતાં અંતે સમર્પણ. બિલકુલ નદીની જેમ જ તેમની જીવનયાત્રા દેખાય છે, જે અંતે કૃષ્ણ રૂપી મહાસાગરમાં સમર્પિત થઈ, અને એ મહાસાગરની પૂર્ણ ઉપલબ્ધિને પામી ગયા.

તો આજના આત્મચિંતન પદની શીખ એ છે કે જાગરણનું જીવનમાં ખૂબ જ મહત્વ છે, અને જાગ્યા પછી જાગતા રહેવું એટલે કે ક્ષણેક્ષણે આત્મનિરીક્ષણ કરતા રહેવું, જેથી જીવન નરસિંહના પદની જેમ, જે ગમે જગત ગુરુ દેવ જગદીશને તે તણો ખરેખરો ફોક કરવો, આ રીતે હકારાત્મક બનીએ તો જીવનની બધી જ ફરિયાદોનો અંત આવે. સૌ પોતપોતાના જીવનમાં હકારાત્મક વલણ અપનાવે. હું પણું ત્યાગી ને જીવનને એક નવું અજવાળું જોવા નવી દિશા એ લઈ જવાનો પ્રયત્ન કરે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર જાણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે,તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર).

સ્ટોક બ્રોકીંગમાં રોકાણ કરવું એમાં ખોટુ નથી, પણ આડેધડ આંધળુકીયા કરો તો તે લઇ ડુબે

# શેર બજારમાં દેણું થતાં બેંક કર્મીએ જીવ દીધો

## ચિઠ્ઠીમાં લખ્યું-ભુલ થઇ ગઇ છે, હું દેણામાં આવી ગયો છું એટલે આ પગલુ ભરી રહ્યો છુંઃ દિકરી-પત્નિ સહિતનો પરિવાર વેરણછેરણ થઇ ગયો

રાજકોટઃ જુગાર અને શેર બજારની લત્ત અનેકને બરબાદ કરી દેતી હોય છે. આવી ઘટનાઓ અગાઉ પણ બની ચુકી છે. વધુ એક આવા કિસ્સામાં એક બેંક કર્મચારીએ પોતાની જિંદગી ટુંકાવી લીધી છે. શેર બજારમાં નાણા ગુમાવી દેતાં આ બેંક કર્મચારી યુવાન સ્યુસાઇડ નોટ લખી ઝાડમાં લટકી ગયો હતો અને દુનિયા છોડી દીધી હતી. તાજેતરમાં રાજકોટમાં એક યુવાનનું જૂગારમાં હારી ગયેલા બે પેટી જેવા રૂપિયાની લેતીદેતી મામલે અપહરણ કરાયું હતું. ત્યાં હવે એક યુવાને શેર બજારમાં નાણા ગુમાવતાં મોત મેળવ્યું છે.

અરેરાટીભરી અને લાલબત્તી સમાન આ ઘટના પર નજર કરીએ તો ઉતરાણ વિસ્તારમાં વધુ એક આપઘાતનો બનાવ સામે આવ્યો છે. જેમાં ત્રીસ વર્ષીય બેંક કર્મચારી દ્વારા જાંબુડાની ડાળ સાથે નાયલોનની દોરી બાંધી ફાંસો ખાઈને જીવન ટૂંકાવી લેવામાં આવ્યું હતું. બેંક કર્મચારીએ ગુજરાતીમાં લખેલી એક સુસાઇડ નોટ પણ મળી આવી છે. જેમાં લખ્યું હતું કે મારાથી ભૂલ થઈ ગઈ છે અને હું દેણામાં આવી આ પગલું ભરું છું. મળતી માહિતી પ્રમાણે, મૂળ ભાવનગર અને સુરતના મોટા વરાછા વિસ્તારમાં આવેલી હંસ સોસાયટીમાં ત્રીસ વર્ષીય હાર્દિક નારણભાઈ લુખી પરિવાર સાથે રહેતો હતો.



આ યુવાનને પરિવારમાં પત્નિ અને બે વર્ષની દીકરી છે. હાર્દિક અડાજણ ખાતે આવેલી એયુ સ્મોલ ફાઇનાન્સ બેન્કમાં લોન ડિપાર્ટમેન્ટમાં કામ કરતો હતો. ગત આઠ ફેબ્રુઆરીના રોજ બપોરના સમયે ઘરેથી બેંક પર નોકરી પર જવાનું કહી નીકળી ગયો હતો.

જોકે સાંજ થવા છતાં પણ પરત ફર્યો ન હોવાથી પરિવારજનો દ્વારા શોધખોળ હાથ કરવામાં આવી હતી. પરિવારજનોએ તેમજ સગા સંબંધીઓએ શોધખોળ હાથ ધરી હતી પરંતુ કોઈ એનો પત્તો લાગ્યો ન હતો. દરમિયાન સમયે પરિવારજનોએ ઉતરાણ પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ દાખલ કરી હતી. દરમિયાન પરિવારજનો શોધખોળ કરી રહ્યા હતા અને અબ્રામા બંગાળ કેનાલ પાસે વિતરણ બંગલોઝની બાજુમાં આવેલ દાદા ભગવાનના મંદિર સામે જાંબુડાના ડાળની જાળી સાથે નાયલોનની દોરી બાંધી હાર્દિક ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો.

પોલીસને જાણ થતાં સ્થળ પર પહોંચી હતી. પોલીસે હાર્દિકનો મૃતદેહ લટકતી હાલતમાંથી નીચે ઉતાર્યો હતો. ત્યારબાદ પોલીસે હાર્દિકનો મૃતદેહ પીએમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. પોલીસે તપાસ કરતા હાર્દિક પાસેથી સુસાઈડ નોટ મળી આવી હતી.

મારાથી ભૂલ થઈ ગઈ છે, હું દેણામાં આવી આ પગલું ભરૂ છું તે સહિતની એક પાનાની ગુજરાતીમાં સુસાઇડ નોટ લખેલી હતી.

હાલ તો આ મામલે ઉત્રાણ પોલીસ દ્વારા વધુ તપાસા કરવામાં આવી છે. પોલીસે તપાસ કરતા હાર્દિક પાસેથી ગુજરાતીમાં લખેલી એક પાનાની સુસાઈડ નોટ મળી આવી હતી. મારાથી ભૂલ થઈ ગઈ છે,

હું દેણામાં આવી આ પગલું ભરું છું, મારા બાળકોને પરિવારને સાચવજો, ઉઘરાણીવાળાથી પરિવારને સુરક્ષા અપાવજો. મારી ઉપર શેરબજારમાં કર્ઝ થઈ ગયું છે. અડધું દેવું પરિવાર દ્વારા ચૂકવી દેવામાં આવ્યું છે અને જે ઉઘરાણી કરી રહ્યા છે તેમના વિશે પરિવારને જાણ છે. અમુક ઉઘરાણી વાળાના ટોર્ચરિંગ અને માનસિક ત્રાસ હવે મારાથી સહન નહીં થતું. સોરી આ અંતિમ પગલું ભરું છું. આમ શેર બજારની ખોટ વધુ એક જીવ લઇ ગઇ છે, વધુ એક પરિવાર બરબાદ થઇ ગયો છે. શેર બજારમાં રોકાણ કરવું એ ખોટુ નથી. પણ લાલચમાં આવી આડેધડ થતાં રોકાણ લોકોને લઇ ડુબતા હોય છે. આ ઘટના તેનો વધુ એક બોલતો પુરાવો છે.

# રણજી ટ્રોફી : ગુજરાત સામે સૌરાષ્ટ્ર ઘુંટણીએ



## સેમીફાઇનલ માં પ્રવેશવાનું સ્વપન ડોળાયું : સૌરાષ્ટ્રનો ઈનિંગ અને ૯૮ રને પરાજય

રાજકોટ, તા. ૧૧

ગુજરાતે મંગળવારે સૌરાષ્ટ્ર સામે શાનદાર ઈનિંગ અને ૯૮ રનની જીત સાથે રણજી ટ્રોફી સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ઝડપી બોલરો પ્રિયજીત જાડેજા અને અર્જન નાગવાસવાલાની આગેવાની હેઠળ ગુજરાતે સૌરાષ્ટ્રની બેટિંગ લાઇનઅપને તોડી પાડી, તેઓને તેમની બીજી ઈનિંગમાં ૧૯૭ રનમાં આઉટ કરી દીધા, ગુજરાતને ફરીથી બેટિંગ કરવા માટે જરૂરી ૨૯૫ રનના લક્ષ્યાંકથી બહુ ઓછું હતું. ફરી ૩૩ રને વિના નુકશાને, સૌરાષ્ટ્રની લડાયક આશાઓ ગુજરાતના અવિરત પેસ આક્રમણથી ઝડપથી તૂટી ગઈ. જમણા હાથના ઝડપી પ્રિયાજીતે ૪/૩૨ સાથે અભિનય કર્યો, જ્યારે ડાબા હાથના સીમર નાગવાસવાલાએ ૩/૫૪ સાથે પૂર્ણ કર્યા. પ્રિયજીતે ૨૮ ઓવર સુધી ૬૭ રનની શરૂઆતી ભાગીદારી બાદ ચિરાજ જાની (૨૬)ને આઉટ કરીને નિર્ણાયક સફળતા અપાવી હતી. આ પછી તેણે ભારતના અનુભવી બેટ્સમેન ચેતેશ્વર પૂજારાને માત્ર ૨ રને આઉટ કરીને મોટો ઝટકો આપ્યો હતો. ઓપનર હાર્વિક દેસાઈની લડાઈ ૫૪ હોવા છતાં, સૌરાષ્ટ્રે ભાગીદારી બનાવવા માટે સંઘર્ષ કર્યો. ભારતના લેગ સ્પિનર રવિ બિશ્નોઈએ પણ મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેમાં અનુભવી શેલ્ડન જેક્સન (૨૭)ની વિકેટ સહિત ૨/૩૦નો દાવો કરવામાં આવ્યો હતો, જે નિવૃત્તિ પહેલા તેની અંતિમ વ્યાવસાયિક મેચ રમી રહ્યો હતો. એકવાર જેક્સન પડી ગયો, ગુજરાતે ઝડપથી દાવ પૂરો કર્યો અને પ્રભાવશાળી જીતની મહોર મારી. આ જોરદાર પ્રદર્શનથી ગુજરાતે માત્ર સેમીફાઈનલમાં જ જગ્યા બનાવી નથી પરંતુ પોતાના આગામી પ્રતિસ્પર્ધીઓને પણ કડક નિવેદન આપ્યું છે. સૌરાષ્ટ્ર માટે આ બધું સમાપ્ત થઈ ગયું છે. ગુજરાતને એક ઈનિંગ અને ૯૮ રનથી કારમી હારનો સામનો કરવો પડ્યો છે. યજમાનોને ચોથા દિવસથી મુલાકાતીઓ સામે રોકવાનું મુશ્કેલ કામ હતું. ઓપનર એચ દેસાઈએ ફિફ્ટી ફટકારી હતી, પરંતુ તે બધુ જ હતું. પુજારા સ્કોર કરવામાં નિષ્ફળ જતાં પતન ચાલુ રહ્યું. આખરે, યજમાન ટીમ તેના બીજા દાવમાં ૧૯૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. સૌરાષ્ટ્રે પ્રથમ દાવમાં ૨૧૬ રન બનાવ્યા હતા અને જવાબમાં ગુજરાતે ૧૫૯.૧ ઓવરમાં ૫૧૧ રન બનાવી ૨૯૫ રનની જંગી લીડ મેળવી હતી.

બીજા દાવમાં ગુજરાતે સૌરાષ્ટ્રને ૬૨.૧ ઓવરમાં ૧૯૭ રનમાં ઓલઆઉટ કરીને શાનદાર જીત નોંધાવી અને સેમીફાઈનલમાં જગ્યા બનાવી લીધી. સેમિફાઇનલ મેચમાં ગુજરાતનો સામનો જમ્મુ-કાશ્મીર અને કેરળ વચ્ચે ૧૭ થી ૨૧ ફેબ્રુઆરી દરમિયાન રમાનારી મેચના વિજેતા સાથે થશે.

ક્રોધની આગ માણસને કેટલી હદે ક્રુર બનાવી દે તેનો પુરાવો આપતી ઘટનામાં બબ્બે લોથ ઢળી

# વચેટ ભાઈના ઝઘડામાં બે ભાઈની હત્યા

## આર્યનગરમાં ડબલ મર્ડરની ઘટનામાં બહાર આવી વિગતોઃ આકાશ જૈનની પત્નિ રિસામણે ગઇ હોઇ તે ફોનમાં તેણી સાથે મોટા અવાજે ઝઘડો કરતો હતોઃ પડોશી વિજય ગુપ્તાએ દેકારો નહિ કરવા કહી બપોરે માથાકુટ કરીઃ રાતે વિજયના સાળા છોટુએ સંડાસમાં બેઠેલા આકાશના ભાઇ અમિતને હરામી કહ્યો પછી વાત વણસી અને અમિત તથા વિક્કીના ખૂન થઇ ગયાઃ બી-ડિવીજન પોલીસે બંને હત્યારાને દબોચી લીધા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૧**

રાજકોટઃ ક્રોધની આગ માણસને ઘણીવાર બરબાદી તરફ લઇ જતી હોય છે. આવી જ એક ઘટના શહેરના શહેરના સામા કાંઠે બની હતી. જેમાં એક યુવાન પોતાની પત્નિ સાથે ફોનમાં મોટા અવાજે ઝઘડો કરતો હોઇ પડોશમાં રહેતાં શખ્સે આ યુવાનને મોટા અવાજે વાતો નહિ કરવા કહી બપોરે તેની સાથે ઝઘડો કર્યો હતો. પછી રાતે આ યુવાનના બે ભાઇઓને પડોશી શખ્સે પોતાના કુટુંબી સાળા સાથે મળી છરીના ઘા ઝીંકી ક્રુરતાથી પતાવી દીધા હતાં. આમ વચેટ ભાઇનો પડોશી સાથેનો ઝઘડો મોટા ભાઇ અને સૌથી નાના ભાઇની હત્યામાં નિમીત બન્યો હતો. હત્યારા યુપીના બંને શખ્સો ભાગી જાય એ પહેલા પોલીસે પકડી લીધા હતાં અને છરી કબ્જે કરવા તજવીજ હાથ ધરી હતી. નહિ જેવી વાતે કેવુ ગંભીર સ્વરૂપ પકડી લીધું તેનું આ ઘટના ઉદાહરણ પુરુ પાડે છે.

વિગતો પર નજર કરીએ તો સંત કબીર રોડ આર્યનગરમાં ડબલ મર્ડરની ઘટનાથી અરેરાટી વ્યાપી ગઇ હતી. મુળ મધ્યપ્રદેશના જબલપુરના ૨૯ વર્ષના અમિત રાજુભાઇ જૈન અને ૨૬ વર્ષના વિક્કી રાજુભાઇ જૈન નામના બે સગા ભાઇઓની છરીના ઘા ઝીંકી પોતે જ્યાં રહેતાં હતાં એ જ મકાનમાં ઉપર-નીચે રહેતાં મુળ યુપીના સાળા-બનેવીએ છરીના ઘા ઝીંકી હત્યા કરી નાંખી હતી. હત્યારા શહેર મુકી ભાગી જાય એ પહેલા રાતોરાત પકડી લેવાયા હતાં. હત્યાનો ભોગ બનેલા અમિતનો બીજા નંબરનો ભાઇ આકાશ કે જે અઠ્ઠાવીસ વર્ષનો છે તેની પત્નિ અનુ બે દિવસ પહેલા ઘરે જાણ કર્યા વગર વતન જતી રહી હોઇ આકાશ બપોરે જોર જોરથી ફોનમાં પોતાની પત્નિ સાથે ઝઘડો કરતો હતો. આ કારણે સામે રહેતાં વિજય ગુપ્તા સાથે ડખ્ખો થયો હતો. એ પછી રાતે અમિત નીચેના ભાગે લઘુશંકા કરવા ગયો ત્યારે નીચેના રૂમમાં રહેતાં વિજયના સાળા છોટુ ગુપ્તાએ સંડાસમાં કોણ હરામી છે? કહીને ગાળો દઇ ફરી ઝઘડો કર્યો હતો અને બનેવી વિજય સાથે મળી અમિતને તથા બચાવવા વચ્ચે પડેલા વિક્કીને છરીના ઘા ઝીંકી દીધા હતાં અને મોતને ઘાટ ઉતારી દીધા હતાં.





ડબલ મર્ડરની આ ઘટનામાં બી-ડિવીઝન પોલીસે હત્યાનો ભોગ બનેલા બે ભાઇઓ પૈકી મોટા ભાઇ અમિતની પત્નિ મુળ મધ્યપ્રદેશના જબલપુર જીલ્લાના રાજીબડેપથ્થર ગામની વતની ઓગણત્રીસ વર્ષની અમીના અમિત સોનવાનીની ફરિયાદ પરથી મકાનના નીચેના ભાગે રહેતાં મુળ યુપીના છોટુ ઉર્ફ સંજય શંકરભાઇ ગુપ્તા અને ઉપરના માળે અમિત અને અમિનાની સામે જ રહેતાં છોટુના બનેવી વિજય ગુપ્તા વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી બંને આરોપીને હાથવગા કરી લીધા હતાં. અમીના સોનવાનીએ ઘટનાની વિગતો આપતા જણાવ્યું હતું કે હાલમાં અમે સંત કબીર રોડ આર્યનગર-૧/૬ના ખુણે ગોવિંદબાગ શાક માર્કેટ પાસે દિપકભાઇ નાગજીભાઇ ઉંધાડના મકાનમાં ભાડેથી રહીએ છીએ. અમારુ મુળ વતન એમપી જબલપુરનું રાજીબડેપથ્થર છે.

તેણીએ વધુમાં કહ્યું હતું કે અમે એકાદ મહિનાથી અહિ રહીએ છીએ. મારી સાથે મારો પતિ અમિત રાજુભાઇ સોનવાની-જૈન રહેતો હતો. તે પેડક રોડ પર ડીએસએ કંપનીમાં ચાંદી કામ કરતો હતો. અમારા લગ્નને નવ વર્ષ થયા છે અને મારે દિકરો રાજ અને દિકરી સ્વીટી છે. મારા પતિને બે ભાઇઓ છે. મારા પતિ મોટા હતાં, તેનાથી નાનો આકાશ અને તેનાથી નાનો વિક્કી છે.

મારા બંને દિયર આકાશ અને વિક્કી પણ અમારી સાથે રહે છે તેમજ મારા સસરા રાજુભાઇ પુરણલાલ સોનવાની પણ અમારી સાથે જ રહે છે. મારા દિયર આકાશની પત્નિ અનુબેન બે દિવસ પહેલા જ ઘરે જાણ કર્યા વગર તેના પિયર એમપી જબલપુર રિસાઇને જતી રહી હતી. અમે જે મકાનમાં ભાડેથી ઉપરના માળે રહીએ છીએ એ મકાનમાં જ ઉપરના માળે બીજા રૂમમાં વિજય ગુપ્તા તેના પરિવાર સાથે ભાડેથી રહે છે.

તેમજ નીચેના માટે તેનો કુટુંબી સાળો છોટુ ઉર્ફ સંજય ગુપ્તા તેના પરિવાર સાથે રહે છે. અમારા મકાન માલિક દિપકભાઇ ઉંધાડ પણ નીચેના માળે તેના પરિવાર સાથે રહે છે. અમારા ચારેય વચ્ચે એક જ સંડાસ બાથરૂમ નીચેના માળે આવેલા છે. અમીનાબેને વધુમાં જણાવ્યું હતું કે સોમવારે ૧૦મીએ બપોરે બારેક વાગ્યે મારો દિયર આકાશ રૂમમાં બેઠો બેઠો તેની પત્નિ અનુ ઘરે કોઇને કહ્યા વગર નીકળી ગઇ હોઇ જેથી તે બે દિવસથી ખુબ ગુસ્સામાં હતો. આકાશ તેની પત્નિ અનુ સાથે ફોનમાં ગુસ્સે થઇ મોટા અવાજે જોર જોરથી બૂમો પાડીને વાતો કરતો હતો. આ વખતે અમારી સામે રહેતાં વિજય ગુપ્તાએ આવી ઝઘડો કરી કહેલુ કે-તમારા ઘરમાંથી કેમ મોટે મોટેથી અવાજ આવે છે? કહી તેણે મારા દિયરને અને મને ધમકાવતાં અમે ઝઘડો ન થાય એ માટે શાંતિ રાખી હતી અને તેને કોઇ જવાબ આપ્યો નહોતો.

આથી બપોરે ઝઘડો ટળી ગયો હતો. ત્યારબાદ સાંજે છ સાત વાગ્યે મારો પતિ અમિત અને દિયર વિક્કી કામેથી પાછા ઘરે આવ્યા હતાં. એ પછી મારા પતિ અમિત રાતે સાડા નવેક વાગ્યે નીચે આવેલા શૌચાલયમાં લઘુશંકા કરવા ગયેલ. મારા પતિ અંદર હતાં ત્યારે નીચેના માળે રહેતો છોટુ ઉર્ફ સંજય ગુપ્તા પણ પેશાબ કરવા માટે સડાસ પાસે આવ્યો હતો. આ વખતે તેણે બપોરે થયેલા ઝઘડાનો ખાર રાખી જોર જોરથી બૂમો પાડી-અંદર કોણ હરામી ગયેલ છે? તેમ કહી મારા પતિને મા-બહેન સમી ગાળો દેવાનું ચાલુ કર્યુ હતું. તેમજ જોર જોરથી ડોલ અને બીજી વસ્તુઓ પછાડી હતી. તેનો અવાજ અમને ઉપર સુધી આવતો હતો. આથી હું ઘર બહાર આવી હતી.

આ વખતે નીચે જોતાં મારા પતિ અમિત સામેવાળા છોટુ અને વિજયને ઝઘડો નહિ કરવા સમજાવતાં હતાં. પરંતુ છોટુ ઉર્ફ સંજય અચાનક ઉશ્કેરાઇ ગયો હતો અને મારા પતિને ઢીકાપાટુ મારવા માંડ્યો હતનો. મારા પતિએ જોર જોરથી બૂમો પાડતાં છોટુનો બનેવી વિજય ગુપ્તા કે જે ઉપરના માળે અમારા રૂમની સામે જ રહે છે તે દોડીને નીચે ગયો હતો.

તે પણ સાળા છોટુ ઉર્ફ સંજય સાથે ભળી ગયો હતો અને મારા પતિને મારકુટ ચાલુ કરી હતી. મારા પતિની બૂમો સાંભળી મારો સૌથી નાનો દિયર વિક્કી જૈન નીચે દોડી ગયો હતો. એ દરમિયાન મકાન માલિક દિપકભાઇ ઉંધાડ પણ ઘરમાંથી બહાર આવી ગયા હતાં. તેમજ મારા સસરા પણ પાછળથી મારા પતિને છોડાવવા નીચે ગયા હતાં. પરંતુ એ વખતે છોટુ ઉર્ફ સંજયે ક્યાંકથી છરી કાઢી હતી અને મારા પતિ અમિત તથા દિયર વિક્કીને પેટ, પગના ભાગે આડેધડ ઘા ઝીંકી દીધા હતાં. જેથી મારા પતિ અને દિયર બંને લોહીલુહાણ થઇ ફસડાઇ પડ્યા હતાં. આ વખતે છોટુ ઉર્ફ સંજય અને વિજય ગુપ્તા ભાગી ગયા હતાં. કોઇએ ૧૦૮ને ફોન કરતાં ગાડી આવી જતાં બંનેને હોસ્પિટલે લઇ જવાયા હતાં. પરંતુ અહિ ડોક્ટરે મારા પતિ અને દિયર બંનેને વારાફરતી મૃત જાહેર કર્યા હતાં.

પતિ અને દિયરને ગુમાવનાર અમીના જૈનએ વધુમાં કહ્યું હતું. તેની આ હકિકતે આધારે પોલીસ ઇન્સ્પેક્ટર એસ. એસ. રાણે, હીરાભાઇ રબારી સહિતે હત્યાનો ગુનો નોંધ્યો હતો. ઘટનાની જાણ થતાં ડી-સીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, ક્રાઇમ બ્રાંચ પીઆઇ, એલસીબી ઝોન-૧ ટીમનો કાફલો તેમજ ડીસીબીનો અન્ય કાફલો અને એસીપી સહિતના અધિકારીઓ દોડી ગયા હતાં. હત્યારાઓને રાતોરાત પોલીસની ટીમોએ શોધી કાઢ્યા હતાં અને છરી કબ્જે લેવા તજવીજ કરી હતી. ઘટનાને પગલે સામા કાંઠા વિસ્તારમાં ચકચાર મચી ગઇ હતી. હત્યાનો ભોગ બનનાર અમિત અગાઉ સાતેક વર્ષ રાજકોટ રહી કામ કરી ગયો હતો. લગ્ન બાદ વતન જતો રહ્યો હતો અને એકાદ વર્ષથી ફરી ભાઇઓ, પત્નિ, બાળકો, પિતા સાથે અહિ રહેતો હતો. તેની સાથે તેના નાના ભાઇની પણ હત્યા થઇ ગઇ હતી.

આ ઘટનાને પગલે પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. પીઆઇ એસ. એસ. રાણે, પીએસઆઇ એસ. એન. સિહોરા, હેડકોનસ. ક્રિપાલસિંહ ઝાલા, અનિલસિંહ ગોહિલ, રાજદિપભાઇ પટગીર, વિશ્વજીતસિંહ ઝાલા, હાર્દિકભાઇ ગાજીપરા સહિતની ટીમે હત્યારા ભાગી જાય એ પહેલા રાતોરાત પકડી લેવા તજવીજ આદરી હતી.

વચેટ ભાઇના ઝઘડામાં મોટા અને નાના ભાઇની લોથ ઢળી ગઇ હતી. મિનીટોમાં જ એક પરિવારનો માળો પિંખાઇ ગયો હતો.

# રાજકોટમાં નવ વર્ષની બાળા અને સગીરાનું અપહરણ

## આજીડેમ ચોકડીએ દાદા, બહેન સાથે ગયેલી નવ વર્ષની બાળા ગૂમ થઇઃ ભારતનગરમાંથી પંદર વર્ષની બાળા ગાયબ થઇ જતાં આજીડેમ-થોરાળા પોલીસે એફઆઇઆર દાખલ કરી

રાજકોટઃ શહેરમાંથી વધુ બે સગીરાના અપહરણ થઇ ગયા છે. ગઇકાલે બામણબોર પંથકની બે સગી સગીર બહેનોને ચોટીલાનો શખ્સ ભગાડી ગયાનો બનાવ સામે આવ્યા પછી હવે આજીડેમ પોલીસ સ્ટેશન અને થોરાળા પોલીસ સ્ટેશનમાં બે સગીરાના અપહરણ થયાની એફઆઇઆર દાખલ થઇ છે. આજીડેમ ચોકડી પાસે ભરાતી રવિવારી બજારમાં દાદા સાથે પ્લાસ્ટીકની ખાલી બોટલો વિણવા ગયેલી નવ વર્ષની બાળકી લાપતા થતાં આજીડેમ પોલીસમાંઅપહણ મામલે ગુનો નોંધાયો છે.

વિગતો જોઇએ તો આજીડેમ ચોકડી નજીક પરીવાર સાથે રહેતી નવ વર્ષની બાળકી બે દિવસ પહેલા તેની મોટી બહેન અને દાદા સાથે રવિવારી બજારમાં પાણીની પ્લાસ્ટીકની ખાલી બોટલો વિણવા માટે ગઇ હતી. દાદા અને મોટી બહેન બોટલો વિણતા હતા ત્યારે નવ વર્ષની બાળકી જુદી પડી ગઇ હતી. બાળકી જોવા ન મળતા તેના દાદા અને મોટીબેને તેની શોધખોળ કરી હતી. પરંતુ તેનો કોઇ પતો મળ્યો ન લાગતા બાળકીના દાદાએ આજીડેમ પોલીસ મથકમાં જાણ કરતા પોલીસે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ અપહરણની કલમ હેઠળ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

બીજા કિસ્સાની વિગતો જોઇએ તો મુળ પડધરીના યુવાનના નાના ભાઇની ૧૫વર્ષની દિકરી થોરાળાના ન્યુ વિજયનગર-૩માંથી ગૂમ થઇ જતાં શોધખોળ કરવા છતાં પત્તો ન મળતાં થોરાળા પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ ઇન્સપેક્ટર એન. જી. વાઘેલાએ સગીરા ગૂમ થવાના કિસ્સામાં તુરત જ કાર્યવાહી કરી અપહરણનો ગુનો નોંધવા સુચના આપતાં પીએસઆઇ એન. આર. ડોબરીયાએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

# વિજ થાંભલા ઉચકતી વેળાએ પ્રૌઢે જીવ ગુમાવ્યો



રાજકોટઃ માણસને પરલોકનું તેડુ ક્યારે અને કેવી રીતે આવી જાય તેની ખબર પડતી નથી. આવી જ એક ઘટનામાં બોટાદના બાબરકોટ ગામે રહેતાં પ્રૌઢ રાઘવભાઇ અરજણભાઇ દેરવડીયા નામના અઠાવન વર્ષના પ્રૌઢ બાબરકોટ અને કારનીયાડ વચ્ચે જીઆઇડીસી વિસ્તારમાં વિજ થાંભલાનું કામ ચાલુ હોઇ ત્યાં મજુરીએ ગયા હતાં તે વખતે વિજ થાંભલો ઉંચકતી વખતે પડી જતાં માથામાં ઇજા થતાં બોટાદ, ભાવનગર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

પરંતુ રાજકોટમાં સારવાર દરમિયાન તેમણે અંતિશ શ્વાસ લેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર રાઘવભાઇ પાંચ ભાઇ અને એક બહેનમાં ત્રીજા હતાં. સંતાનમાં ત્રણ પુત્રી અને એક પુત્ર છે. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના આસી. સબ ઇન્સ. રામશીભાઇ વરૂ, તૌફિકભાઇ જુણાચ, અશ્વિનભાઇ રાઠોડ, ભાવેશભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ હુદડે પાળીયાદ પોલીસને ઘટનાની જાણ કરી હતી.

# ગાંજામાં કેસમાં એક વર્ષથી ફરાર શખ્સને SOGએ દબોચી

## એ-ડિવીઝન પોલીસને સોંપવામાં આવતાં રિમાન્ડની તજવીજ



રાજકોટઃ ગાંજાની સપ્લાય કરવાના ગુનામાં નામ ખુલ્યા બાદ એક વર્ષથી ફરાર શખ્સને શહેર એસઓજીની ટીમે પકડી લીધો હતો. શહેરના એ-ડિવીઝન પોલીસ સ્ટેશનના માદક પદાર્થના ગુનામાં ગયા વર્ષથી ફરાર મુળ વંથલીના શખ્સને પકડી લઇ એ-ડિવીઝન પોલીસને સોંપાયો હતો.

અગાઉ નોંધાયેલા એનડીપીએસના ગુનાઓમાં ફરાર શખ્સોને શોધવા ટીમ કામે લાગી હતી ત્યારે એસઓજીના ઇન્દ્રસિંહ જાડેજા, હાર્દિકસિંહ પરમારને મળેલી બાતમી પરથી ત્રેવીસ વર્ષના મોહીન મહેબુબભાઇ સર્વદી (રહે. આરએમસી ક્વાર્ટર ત્રણ માળીયા, ત્રીજો માળ બ્લોક નં. ૬/૧૬૦૪, ગોવિંદ રત્ન બંગલોઝની પાછળ, મુળ વંથલી જુનાગઢ)ને પકડી લેવાયો હતો.

ગયા વર્ષે એ-ડિવીઝન પોલીસમાં એનડીપીએસનો ગુનો નોંધી એક શખ્સને ગાંજા સાથે પકડી લેવાયો હતો. તે વખતે સપ્લાયર તરીકે મોહીન સર્વદીનું નામ ખુલ્યા બાદ તે ફરાર હતો. શહેર એસઓજીના પોલીસ ઇન્સ્પેક્ટર સંજયસિંહ એમ. જાડેજા, પીએસઆઇ એમ. બી. માજીરાણા, એએસઆઇ ધર્મેશભાઇ ખેર, હેડકોન્સ. ઇન્દ્રસિંહ જાડેજા, દિગ્વીજયસિંહ ગોહિલ, ફિરોઝભાઇ રાઠોડ, મૌલિકભાઇ સાવલીયા અને કોન્સ. હાર્દિકસિંહ પરમારે આ કામગીરી કરી હતી. ઝડપાયેલો શખ્સ ક્યાંથી ગાંજો લાવતો હતો? તે સહિતની વધુ પુછતાછ હાથ ધરવામાં આવશે.

# પથરીના દુઃખાવાથી ત્રસ્ત યુવાને જિંદગીને કરી અલવીદા

## આજીડેમ ચોકડી પાસે માંડાડુંગર વિસ્તારમાં બનાવથી પરિવરમાં અરેરાટી

રાજકોટઃ અલગ અલગ કારણોસર માનવી પોતાની જિંદગી ટુંકાવી લેતો હોય છે. આત્મહત્યાની વધુ એક ઘટનામાં માંડાડુગર પાસે ગોકુલ પાર્કમાં રહેતા યુવાને પથરીના દુઃખાવાથી કંટાળી ગળાફાંસો ખાઇ મોત મેળવી લેતાં પરિવારજનોમાં શોકની કાલીમા છવાઇ ગઇ હતી.

ઘટનાની વિગતો પર નજર કરીએ તો મુળ મુજબ ઉતરપ્રદેશનો વતની હાલ રાજકોટ માંડા ડુંગર પાસે ગોહેલ પાર્કમાં રહેતો ત્રેવીસ વર્ષનો સતીષ રાજમોહનભાઇ પટેલ પોતાના ઘરે પંખાસાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઇ જતાં ઘટના સ્થળે જ મોત થયું હતું. પરિવારજનો બહાર ગયા હોઇ તેઓ ઘરે આવતા સતિષને લટકતી હાલતમાં જોતા દેકારો મચાવતા આસપાસના લોકો એકઠા થઇ ગયા હતા. કોઇએ ૧૦૮માં જાણ કરતા તેના તબિબે સતિષને નિષ્પ્રાણ જાહેર કર્યો હતો. આજીડેમ પોલીસને જાણ થતાં સ્થળ પર પહોંચી કાર્યવાહી કરી હતી.

તપાસમાં ખુલ્યું હતું કે આપઘાત કરી લેનારો સતીષ કારખાનામાં મજૂરીકામ કરતો હતો અને બે ભાઇ અને ત્રણ બહેનમાં નાનો હતો. તે પથરીનો દુઃખાવાથી પીડાતો હોઇ દવા સારવાર કરાવવા છતાં સારુ ન થતાં કંટાળી જઇ તેણે આ પગલુ ભરી લીધુ હતું.

# ચાલુ ફરજે મૃત્યુના કિસ્સામાં હવે એસટીના કર્મચારીઓને ચુકવાશે ૧૪ લાખ સહાય

## વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ કરી જાહેરાત : અગાઉ ૪ થી ૬ લાખ જ ચુકવાતા

ગાંધીનગર

રાજ્ય સરકારે એસટી વિભાગનો કર્મચારીલક્ષી મહત્વનો નિર્ણય લીધો છે. એસટી વિભાગના કર્મચારીના અવસાનના કિસ્સામાં ચૂકવાતી સહાયમાં રાજ્ય સરકારે વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચાલુ ફરજે મૃત્યુના કિસામા ૧૪ લાખ સહાય ચૂકવાશે. આ અંગે વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ જાણકારી આપી છે.

મળતી માહિતી મુજબ, એસટી વિભાગનો કર્મચારીલક્ષી મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. ચાલુ ફરજે કર્મચારી ના અવસાન ના કિસામા ચૂકવાતી સહાયમા વધારો કરવામાં આવ્યો છે. હવે ચાલુ ફરજે મૃત્યુના કિસામા ૧૪ લાખ જેટલી સહાય ચૂકવાશે. વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ટ્વીટ કરીને આ જાણકારી આપી છે. અત્યાર સુધી કર્મચારીના અવસાનના કિસ્સામાં ૪-૬ લાખ સુધી ચૂકવાતા હતાં, હવે કુલ ૧૪ લાખ ચૂકવાશે.

વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ટ્વીટ કરીને લખ્યું હતું કે, એસ. ટી. નિગમના કર્મચારીઓ માટે રાજ્ય સરકારનો વધુ એક સંવેદનશીલ નિર્ણય લીધો છે. રાજ્યના સંવેદનશીલ માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા એસ.ટી. નિગમના કર્મચારીઓના પરિવારજનો માટે વધુ એક સંવેદનશીલ નિર્ણય લેવામાં આવેલ છે. નિગમના કર્મચારીના ચાલુ ફરજે અવસાનના કિસ્સામાં તેઓના સ્વજનોને હાલ ચૂકવતા આર્થિક પેકેજમાં રૂ. ૮ થી ૧૦ લાખ જેટલો વધારો કરીને તેઓને રાજ્ય સરકારના કર્મચારીઓને ચૂકવતા પેકેજ જેટલું એટલે કે રૂ. ૧૪ લાખ આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આ બાબત ટૂંક સમયમાં વિગતવાર આદેશો જારી કરવામાં આવશે.

# રેલનગરના માનસિક અસ્વસ્થતા રિક્ષાચાલકે જિંદગી ટૂંકાવી

## ઘરના ઉપરના માળે ગળાફાંસો ખાઇ આપઘાત કરતાં અરરોટી



રાજકોટઃ આત્મહત્યાની વધુ એક ઘટનામાં એક પરિવારના મોભીએ દુનિયા છોડી દેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. રેલનગરમાં આવેલી રાજ રેસીડેન્સી બ્લોક નં. ૧૫માં રહેતાં ચોપન વર્ષના રાજેન્દ્રસિંહ મહિપતસિંહ ગોહિલે ઘરના ઉપરના માળે પંખામાં ચાદર બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. રાજેન્દ્રસિંહ મોડે સુધી નીચે ન આવતાં પરિવારજન ઉપર જોવા જતાં તેઓ લટકતાં મળતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો.

બનાવની જાણ સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે પ્ર.નગર પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનાર રાજેન્દ્રસિંહને એક બહેન છે. તેમને સંતાનમાં એક પુત્ર અને એકે પુત્રી છે. પોતે રિક્ષા હંકારી ગુજરાન ચલાવતાં હતાં. પરિવારજનના કહેવા મુજબ માનસિક અસ્વસ્થતાને કારણે તેમણે આ પગલુ ભરી લીધુ હતું. તાજેતરમાં જ તેમની દિકરીના લગ્ન થયા હતાં. આ બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

# રાજકોટમાં ચાર સ્થળ પરથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પથ સંચલન નીકળ્યા



રાજકોટ મિરર, તા.૧૧

આ વર્ષે, જ્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના શતાબ્દી વર્ષની ઉજવણીની પૂર્વ તૈયારી થઈ રહી છે, ત્યારે સંઘ કાર્યના વિસ્તાર, સમાજમાં સજ્જનશક્તિનું જાગરણ, અને વ્યક્તિ નિર્માણ થકી મજબૂત રાષ્ટ્ર નિર્માણના સંકલ્પ સાથે સ્વયંસેવકો ઉત્સાહ અને પરિશ્રમ સાથે કાર્ય કરી રહ્યા છે. સંઘ દ્વારા વર્ષમાં એકવાર યોજાતા પથ સંચલનના ઉપક્રમે, રાજકોટ મહાનગરમાં હાલમાં જ ચાર વિસ્તારમાં પથ સંચલન યોજાઈ ગયા.

રાજકોટ મહાનગરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ભૌગોલિક રચનામાં પાંચ વિસ્તારો અને ૩૫ નગરની રચના કરવામાં આવેલી છે. જે પૈકી ચાર વિસ્તારમાં પથ સંચલનનું આયોજન કરવામાં આવ્યું. ગત ૧૨મી જાન્યુઆરીએ નટરાજ વિસ્તાર અને – વર્ધમાન વિસ્તાર, ૧૯મી જાન્યુઆરીએ મારૂતિ વિસ્તાર તેમજ ૮ ફેબ્રુઆરીએ લક્ષ્મી વિસ્તારમાં એમ ચાર પથ સંચલન રાજકોટના વિવિધ લતા મહોલ્લામાં યોજાઈ ગયા. આ ચાર પથ સંચલનમાં ૭૫૦થી વધુ તરુણ અને બાલ સ્વયંસેવકો ગણવેશમાં જોડાયા.

પથ સંચાલનના રૂટ પર ઘોષના તાલે કદમથી કદમ મિલાવતા ગણવેશમાં શોભતા સંઘના સ્વયંસેવકોનું સ્વાગત કરવા અનેક સામાજિક સંસ્થાઓ મંડળો તથા સ્થાનિક લોકોમાં ઉત્સાહ જોવા મળ્યો.

વિવિધ વિસ્તારવાસીઓ તથા સામાજિક સંસ્થાઓ દ્વારા આ દેશભક્તિ પૂર્ણ સંચલનનું સ્વાગત કરી સ્વયંસેવકોને ફૂલડે વધાવ્યા. સાથો સાથ સંચાલન નિહાળી લોકોએ ભારત માતાના જય ઘોષ કર્યા. સાંજ ઢળી ગયા પછી નીકળતા સંચલનને સંઘમાં કૌમુદી સંચલન કહેવામાં આવે છે.રાજકોટમાં ઘણા સમય પછી નટરાજ અને લક્ષ્મી વિસ્તારમાં કૌમુદી સંચલન નીકળ્યા હતા.

## જ્યુબીલીમાં નાળીયેર વેંચતા યુવાને ભાણેજને અઢાર હજારના નાળીયેર સામે હજાર રૂપિયો ઓછો ન કરી દેતાં થઇ માથાકુટ

# રૂપિયાની લેતી દેતીમાં મામા-ભાણેજ વચ્ચે ડખ્ખો : મામા લોહીલુહાણ

## રોષે ભરાયેલો ભાણેજ બીજા ભાઇને લઇને આવ્યો અને રૂપિયા રૂપિયા શું મંડાણો છો? કહી મામાને છરીના ઘા ઝીંકી દીધા

રાજકોટઃ રૂપિયાને કારણે ડખ્ખાના બનાવો અવાર-નવાર બનતાં હોય છે. રૂપિયા મામલે થતી માથાકુટ ગમે તેવા સંબંધોને પળવારમાં તોડાવી નાંખતી હોય છે. આવો જ એક બનાવ સામે આવ્યો છે જેમાં જુની લોટરી બજાર પાસે નાળીયેરનો ધંધો કરતાં વેપારીને તેના બે કુટુંબી ભાણેજે નાળીયેરના રૂપિયાના નામે ડખ્ખો કરી છરીના ઘા ઝીંકી લોહીલુહાણ કરી દીધા હતાં. મામાએ નાળીયેરના હજાર રૂપિયા ઓછા ન કરતાં આ ડખ્ખો થયો હતો.

વિગતે વાત કરીએ તો જ્યુબીલી જુની લોટરી બજારમાં લીલા નાળીયેરના ગોડાઉનમાં ભાગીદારીથી વેપાર કરતાં કોઠારીયા સોલવન્ટના યુવાન પાસેથી તેનો કુટુંબી ભાણેજ જથ્થાબંધ નાળીયેર ખરીદતો હોઇ તેના રૂપિયા પાંચસો ઓછા આપતાં યુવાને હું એક પણ રૂપિયો ઓછો નહિ લઉ તેમ કહેતાં તે રૂપિયા આપ્યા વગર નીકળી ગયા બાદ નાના ભાઇને સાથે લાવી તું શું રૂપિયા રૂપિયા કરે છે? કહી ગાળો દઇ માર મારી છરીના ઘા હાથ-પગમાં મારી દેતાં ઇજા થઇ હતી. આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે કોઠારીયા સોલવન્ટ હાઉસીંગ ક્વાર્ટર નં. ૨૧૫માં રહેતાં અને જ્યુબીલી લોટરી બજારમાં ઇમરાનભાઇ સૌદાગરના ગોડાઉનમાં તેની સાથે ભાગીદારીમાં લીલા નાળીયેરનો હોલસેલમાં વેપાર કરતાં આડત્રીસ



વર્ષના મહેશભાઇ નારણભાઇ ચુડાસમાની ફરિયાદ પરથી કોઠારીયા સોલવન્ટમાં રહેતાં તેના જ બે કુટુંબી ભાણેજ હેમત લક્ષમણભાઇ પરમાર અને રમેશ લક્ષમણભાઇ પરમાર વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી.

ભાણેજોના હુમલામાં ઘવાયેલા મામા મહેશભાઇ ચુડાસમાએ જણાવ્યું હતું કે હું સવારે લોટરી બજારમાં મારા ગોડાઉન ખાતે હતો ત્યારે મારો કુટુંબી ભાણેજ રમેશ પરમાર આવ્યો હતો. મારો આ ભાણેજ એકાદ વર્ષથી મારી પાસેથી લીલા નાળીયેર હોલસેલમાં ખરીદ કરે છે .

તે જે તે વખતે મારી પાસેથી એક નાળીયેરના રૂા. ૩૬ લેખે કુલ ૫૦૦ નંગ નાળીયરે રૂા. અઢાર હજારના ખરીદીને લઇ ગયો હતો. બીજા દિવસે ફરી તે ગોડાઉને આવ્યો હતો અને ફરીથી બીજા ૫૦૦ નંગ નાળીયેર લઇ ગયો હતો. જેના મને રૂા. ૧૭ હજાર આપ્યા હતાં.

મેં તેને ૧૮ હજાર પુરા આપવાનું કહેતાં તેણે ૧૭૫૦૦ આપ્યા હતાં. પરંતુ મેં તેને કહેલુ કે હું એક રૂીપયો પણ ઓછો નહિ લઉ, તમે મને પુરા ૧૮ હજાર જ આપો તેમ જણાવતાં રમેશ મને નાળીયેરના રૂપિયા આપ્યા વગર જતો રહ્યોહ તો.

મહેશભાઇએ આગળ જણાવ્યું હતું કે ત્યારબાદ બીજી સવારે સાડા સાતેક વાગ્યે હું ગોડાઉન ખાતે હતો ત્યારે રમેશ અને તેનો નાનો ભાઇ હેમત બંને આવ્યા હતાં અને 'તું શું રૂપિયા રૂપિયા કરે છે?' કહી મને ગાળો દઇ ઢીકાપાટુનો માર માર્યો હતો. ગોડાઉનમાં નાળીયેર કાપવાની છરીઓ પડી હોઇ તે છરી લઇ રમેશે મને ડાબા હાથના બાવડા પર ઘા મારી દીધો હતો.

તેમજ હેમંતે પણ સાથળના ભાગે એક ઘા મારી દેતાં હું નીકળી ગયો હતો અને જાતે ટુવ્હીલર પર બેસી હોસ્પિટલે સારવાર માટે ગયો હતો.

બાદમાં મારા ભાગીદાર ઇમરાનભાઇ સોદાગરને જાણ કરતાં તે આવી ગયા હતા. નાનો ભાઇ જગદીશ પણ આવી ગયો હતો. તેમજ પિતા પણ આવ્યા હતાં. સારવાર બાદ મને રજા અપાઇ હતી.

આ હુમલામાં મને બાવડા પર દસ ટાંકા અને સાથળમાં પણ દસ બાર ટાંકા આવ્યા હતાં. જે તે વખતે મારા પિતા સહિતે હુમલો કરનારા કુટુંબી ભાણેજ થતાં હોઇ ફરિયાદ કરવાની ના પાડી હતી.

અઠવાડીયા પછી મને ડાબા પગમાં રસી થતાં ખાનગી હોસ્પિટલમાં બતાવતાં ઇન્ફેક્શન થઇ ગયું હોઇ ઓપરેશન કરાવવુ પડ્યું હતું.

મારે કુટુંબી ભાણેજો સાથે સમાધાન થયું ન હોઇ હવે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં મહેશભાઇ ચુડાસમાએ જણાવતાં પીઆઇ આર. જી. બારોટની રાહબરીમાં હેડકોન્સ. એલ. એ. જતાપરાએ ફરિયાદ દાખલ કરી આરોપીઓને પકડી લેવા આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

આમ રૂપિયાની વાતે મામા-ભાણેજના સંબંધ ડખ્ખે ચડી ગયા હતાં અને મામા લોહીલુહાણ થયા હતાં.

ડીજીપીએ રાજ્યભરની સરકારી કચેરીઓ ખાતે ટુવ્હીલરચાલકો માટે હેલ્મેટ ફરજીયાત બનાવતાં ખાસ ડ્રાઇવ યોજાઇ

# હેલ્મેટ વગરના સરકારી બાબૂઓને આકરો ડોઝ : ૨૩૧ દંડાયા

## રાજકોટમાં પહેલા દિવસે ૧.૮૦ લાખ દંડ વસુલાયોઃ ઝુંબેશ હજુ યથાવત રખાશે તેવો એસીપી ટ્રાફિક જે. બી. ગઢવીનો નિર્દેશઃ અનેક કચેરીએ પોલીસ સાથે વાહનચાલકોને ચડભડ થઈઃ અરજદારો પણ ઝપટે ચડ્યા





રાજકોટ: રાજ્યભરમાં સરકારી કર્મચારીઓ, કોલેજના છાત્રોને ફરજીયાત હેલ્મેટના આદેશ અવાર-નવાર કરવામાં આવે છે અને વારંવાર ડ્રાઇવ યોજવામાં આવે છે. વધુ એક વખત રાજ્યના ડીજીપીના આદેશથી રાજકોટ સહિત રાજ્યભરમાં સરકારી કચેરીઓ ખાતે ટુવ્હીલર કર્મચારીઓ, અધિકારીઓ જો હેલ્મેટ પહેરીને ન આવે તો દંડ વસુલવા કાર્યવાહી થઇ હતી. તે અંતર્ગત પહેલા જ દિવસે રાજકોટ શહેરની સરકારી કર્મચારીઓ ખાતે ૨૩૧ વાહન ચાલકોને હેલ્મેટ ન પહેરવા બદલ દંડ ફટકારાયો હતો. જો કે આ દંડની કાર્યવાહીને પગલે ઠેકઠેકાણે વાહનચાલકોને પોલીસ સાથે ચડભડ થઇ હતી. અમુક કર્મચારીઓ નિયમનું પાલન કરી હેલ્મેટ પહેરીને જ આવ્યા હતાં. આ ડ્રાઈવ આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે. તેમ જણાવાયું હતું.

વિગતો જોઇએ તો રાજ્યમાં ફરી એક વખત તમામ સરકારી કચેરીઓના કર્મચારીઓ, અધિકારીઓ કે જેઓ ટુવ્હીલરમાં આવ જા કરે છે તેમણે ફરજીયાત હેલ્મેટ પહેરવું તેવો પરિપત્ર ગઇકાલે રાજ્યના ડીજીપીએ બહાર પાડતાં આજે રાજ્યભરની ટ્રાફિક પોલીસ, જે તે પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા પોત પોતાના વિસ્તારમાં આવતી સરકારી કચેરીઓ ખાતે હેલ્મેટ ડ્રાઇવ યોજવામાં આવી હતી અને જે કર્મચારીઓ, અધિકારીઓ ટુવ્હીલર પર હેલ્મેટ વગર આવ્યા હતાં તેમને અટકાવી દંડ ફટકાર્યો હતો. જો કે આ ડ્રાઇવમાં સરકારી કચેરીઓ ખાતે આવેલા અરજદારો પણ દંડ ફટકારાતાં દેકારો બોલી ગયો હતો. દર વખતની જેમ આ વખતે પણ આ ડ્રાઇવ અંતર્ગત ઠેકઠેકાણે વાહનચાલકો અને પોલીસ વચ્ચે જીભાજોડી થઇ હતી.

રાજકોટની સરકારી કચેરીઓ ખાતે ૨૩૧ વાહનચાલકોને દંડ ફટકારવામાં આવ્યો હતો. ગુજરાત હાઇકોર્ટ દ્વારા ઝાટકણી કાઢવામાં આવ્યા બાદ રાજ્યમાં તમામ સરકારી કર્મચારીઓને ટુ વ્હીલર પર હેલ્મેટ ફરજિયાત પહેરવાનો આદેશ અપાયો હતો. ત્યારે આજથી સરકારી કચેરીમાં તમામ કર્મચારીઓ અધિકારીઓ કે જેઓ દ્વીચક્રી વાહનો લઇને નોકરી પર આવ જા કરે છે તેમના માટે હેલ્મેટ ફરજિયાત કરાયા હતાં. હાઈકોર્ટના કડક વલણને પગલે રાજ્યના ડીજીપી વિકાસ સહાયએ ખાસ ડ્રાઇવ યોજવાનો આદેશ કરતાં ગઇકાલથી હેલ્મેટ વગરના કર્મચારીઓ, અધિકારીઓને દંડ ફટકારવાનું ચાલુ થયું હતું. રાજ્યના ડીજીપી વિકાસ સહાયે સરકારી કચેરીના કર્મચારીઓ માટે હેલ્મેટ કાયદો ફરજિયાત કર્યો છે. ડીજીપીના પરિપત્ર મુજબ ૧૧મી ફેબ્રુઆરીથી તમામ સરકારી કચેરીમાં હેલ્મેટ વગર વાહન ચલાવનાર કર્મચારી સામે પગલાં લેવાનું શરૂ થયું છે.

રાજ્યભરની તમામ સરકારી કચેરીના ગેઇટ બહાર ટ્રાફિક પોલીસ તહેનાત થઇ હતી અને ડીજીપીના આદેશ મુજબ સરકારી કચેરીમાં આવતા તમામ સરકારી કર્મચારી, અધિકારીઓ તેમજ ટુ-વ્હીલર આવતાં બંને વ્યક્તિઓએ ફરજિયાતપણે હેલ્મેટ પહેરવાનો આદેશ કરાયો હતો. અગાઉ પણ આવી ઝુંબેશ થઇ ત્યારે સરકારી કર્મચારીઓ અને પોલીસ સ્ટાફ વચ્ચે માથાકુટ સર્જાઇ હતી. આજે પણ આવા દ્રશ્યો વચ્ચે વાહનચાલકોએ કચવાટા મને દંડ ભર્યા હતાં. કેટલાક નિયમનું પાલન કરીને હેલ્મેટ પહેરીને જ આવ્યા હતાં.

રાજકોટમાં મહાનગર પાલિકા, પોલીસ હેડક્વાર્ટર, બહુમાળી ભવન, કલેકટ્ર કચેરી સહિતની કચેરીઓ ખાતે હેલ્મેટ ડ્રાઇવ યોજાઇ હતી. જેમાં હેલ્મેટ વગરના સરકારી કર્મચારીઓ સાથે અરજદારો કે બીજા કામ માટે આવેલા લોકો પણ દંડનો ભોગ બની ગયા હતાં. દરમિયાન રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયાની સુચનાથી ડીસીપી ટ્રાફિક પૂજા યાદવ અને એસીપી જે. બી. ગઢવીની રાહબરીમાં સવારે સાડા દસથી બાર વાગ્યા સુધી જુદી જુદી સરકારી કચેરી ખાતે હેલ્મેટ ડ્રાઇવ યોજી ટ્રાફિક પોલીસની ટીમોએ કુલ ૨૩૧ વાહનચાલકોને હેલ્મેટ નહિ પહરેવા બદલ રૂા. ૧,૧૮,૫૦૦નો દંડ ફટકાર્યો હતો. આ ડ્રાઇવ આગામી દિવસોમાં પણ ચાલુ રાખવામાં આવશે ટ્રાફિક શાખાના એસીપી જે. બી. ગઢવીએ જણાવ્યું હતું.

બૂટલેગરો પર પોલીસની ધોંસઃ બે દરોડામાં મોટો જથ્થો ઝડપી લેવામાં સફળતા

# LCB Zone-2નો દારૂના કટીંગ પહેલા દરોડોઃ LCB Zone-1 ટીમે બોટલો સાથેની કાર પકડી

## લાખાજીરાજ રોડ તાજાવાલા માર્કેટના પટમાંથી એક શખ્સ જથ્થા સાથે પકડાયોઃ ભાગીદારનું નામ ખુલ્યુઃ ખોખડદળ પૂલ પાસે કાર પકડાઇ, ચાલક-માલિકની તલાસ




રાજકોટ: દારૂની હેરાફેરી અટકાવવા અને બૂટલેગરોને ભરી પીવા શહેર પોલીસ ફરી સજ્જ થઇ છે. ડીસીબી, એલસીબી, પીસીબી અને જે તે પોલીસ સ્ટેશનની ટીમો દરરોજ દારૂ પકડે છે. દરમિયાન બે દરોડામાં એલસીબી ઝોન-૧ અને એલસીબી ઝોન-૨ ટીમ અલગ અલગ સ્થળોએ ત્રાટકી હતી. જેમાં લાખાજીરાજ રોડ પર તાજાવાલા સુપર માર્કેટમાં પાર્કિંગની ખુલ્લી જગ્યામાં મધરાતે એલસીબી ઝોન-૨ ટીમે દરોડો પાડી તેને રૂા. ૧,૬૬,૭૪૦નો ૨૬૪ દારૂ જપ્ત કરી તેની ધરપકડ કરી હતી. પુછતાછમાં તેના ભાગીદારનું નામ પણ ખુલ્યું હતું. એલસીબી ઝોન-૧ ટીમે ખોખડદળ પૂલ પાસેથી દારૂનો જથ્થો ભરેલી કાર પકડી લીધી હતી. ચાલક કે માલિક મળ્યા નહોતાં.

વિગતો પર નજર કરીએ તો એલસીબી ઝોન-૨ ટીમ મધરાતે પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી મળી હતી કે લાખાજીરાજ રોડ તાજાવાલા સુપર માર્કેટના પાર્કિંગમાં દારૂનો જથ્થો ઉતર્યો છે અને એક શખ્સ કટીંગ કરવા ઉભો છે. આને આધારે દરોડો પાડવામાં આવતાં એક શખ્સ દારૂની પેટીઓ સાથે અંધારામાં મળી આવ્યો હતો. પોલીસે તપાસ કરતાં ગ્રાન્ડ ઓફર બ્રાન્ડનો રૂા. ૧,૨૨,૪૦૦નો ૨૦૪ બોટલ દારૂ અને રૂા. ૪૪૩૪૦નો ઓલ સીઝન્સ બ્રાન્ડનો ૬૦ બોટલ દારૂ મળી આવતાં તે કબ્જે કરી ત્યાં ઉભેલા શખ્સની ધરપકડ કરી હતી. પુછતાછમાં આ શખ્સે પોતાનું નામ પરાગ નરેશભાઇ ગણાત્રા (રહે. ગાયકવાડી-૩) જણાવ્યું હતું. ત્રેવીસ વર્ષના આ શખ્સે પોતાની સાથે ભાગીદારીમાં ભવદીપ મુકેશભાઇ કામલીયાએ આ દારૂ ઉતાર્યો હોવાનું કહેતાં પોલીસે ભવદીપની શોધખોળ હાથ ધરી હતી. પરાગ અગાઉ પણ પ્ર.નગર પોલીસમાં અને ભવદીપ એ-ડિવીઝન પોલીસમાં દારૂના ગુનામાં પકડાઇ ચુક્યો હતો.

પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવાની સુચના અનુસાર પીએસઆઇ આર. એચ. ઝાલા, એએસઆઇ જે. વી. ગોહિલ, હેડકોન્સ. રાજેશભાઇ મિયાત્રા, રાહુલભાઇ ગોહેલ, શક્તિસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઇ વાઘીયા, હેડકોન્સ. ધર્મરાજસિંહ ઝાલા, કુલદિપસિંહ રાણાએ આ કામગીરી કરી ઝડપાયેલાની વિશેષ તપાસ યથાવત રાખી હતી.

બીજી તરફ એલસીબી ઝોન-૧ ટીમે દારૂનો જથ્થો ભરેલી કાર પકડી લીધી છે. ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ મનરૂપગીરી ગોસ્વામી, કોન્સ. દિવ્યરાજસિંહ જાડેજા, રવિરાજભાઇ પટગીરની બાતમી પરથી ખોખડદળ પૂલ પાસે શિવનગર-શિવધારા સોસાયટી-૧ના ખુણા પાસેથી જીજે૩૬એલ-૪૪૭૭ નંબરની સ્વીફ્ટ કાર જપ્ત કરવામાં આવી હતી. જેમાંથી રૂા. ૩૦ હજારના વિદેશી દારૂની મેકડોવેલ્સ, રોયલ ચેલેન્જની બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે દારૂ, કાર, આઇ ફોન મળી કુલ રૂા. ૨,૯૦,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કારના ચાલક, માલિકની શોધખોળ હાથ ધરી છે. ડીસીપી સજ્જનસિંહ પરમારની સુચના અનુસાર પીએસઆઇ બી. વી. ચુડાસમા, એએસઆઇ ભરતભાઇ વાઘેલા, એએસઆઇ મનરૂપગીરી ગોસ્વામી, હેડકોન્સ. હિતેષભાઇ પરમાર, કોન્સ. રવિરાજભાઇ પટગીર, સત્યજીતસિંહ જાડેજા, દિવ્યરાજસિંહ જાડેજાએ આ કામગીરી કરી ભાગી ગયેલા કારના ચાલક, માલિક અંગે તપાસ શરૂ કરી છે.

# દારૂની ૨૪ બોટલ સાથે શાહરૂખ સમા ઝડપાયો

## રૂ.૧૬,૧૫૨નો મુદ્દામાલ કબ્જે કરતી ગાંધીગ્રામ- ૨ યુનિ. પોલીસ

રાજકોટ મિરર તા.૧૧

શહેરના પુષ્કરધામ સોસાયટી સામેના વિસ્તારમાં પોલીસે બાતમીના આધારે દરોડો પાડી દારૂની ૨૪ બોટલ સાથે એક શખ્સને ઝડપી પાડી રૂ. ૧૬,૧૫૨નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ ગાંધીગ્રામ-૨ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના કોન્સ. દિવ્યરાજસિંહ જાડેજા, વનરાજભાઈ લાવડીયા, ગોપાલસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે પુષ્કરધામ મેઇન રોડ કેવલમ સોસાયટીની સામે આર.એમ.સી ક્વાર્ટર આંગણવાડીના પાછળના ભાગે એક શખ્સ વિદેશી દારૂના જથ્થા સાથે ઉભો છે. બાતમી પરથી પોલીસે દરોડો પાડી ૧૬૧૫૨ રૂપિયાની, અંગ્રેજી દારૂની ૨૪ બોટલ સાથે કોઠારીયા રોડના ભવાની ચોક પાસે રહેતા શાહરૂખ અનવર સમાને ઝડપી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ધુનધોરાજી ગામમાં ચેકડેમો માટે ગીરગંગા પરિવારની બેઠક



રાજકોટ મિરર, તા.૧૧

કાલાવડ જીલ્લાનું ધુનધોરાજી ગામમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વરસાદી પાણીનું યોગ્ય જતન કરવા માટે સરસ મજાની એક મિટીગનું આયોજન કરવામાં આવેલ છે. ગામમાં ચેકડેમ બાંધવાની પહેલ હાથ ધરાઈ છે, જેમાં સ્થાનિક લોકોએ ઉદાર ફાળો આપ્યો, અને સાથે સાથે શહેરમાં રહેતા લોકો પણ આ અભિયાનમાં જોડાયા.

ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ના પ્રમુખ દિલીપ સખીયાએ ગામના લોકોને ચેકડેમ દ્વારા વરસાદી પાણી કેવી રીતે બચાવવું તે સમજાવ્યું. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ સમગ્ર સૃષ્ટિની પ્રકૃતિની રક્ષા માટે વરસાદી પાણી બચાવવાનું અભિયાન ચાલી રહ્યું છે. જે અંતર્ગત ચેકડેમ રિપેર, ઊંચા, ઉંડા કરવા અને નવા બનાવવાનું કાર્ય પૂરજોશમાં થઈ રહ્યું છે. સૌરાષ્ટ્ર, ગુજરાતમાં ૧૧,૧૧૧ ચેકડેમ અને ૧૧,૧૧૧ બોર રીચાર્જ કરવાનો બનાવવાનો સંકલ્પ કરેલ છે.

આ મિટિંગ માં ઉપસ્થિત ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ના પ્રમુખ દિલીપભાઈ સખીયા, મહેશભાઈ સેગલીયા, નીલેશભાઈ વિરાણી, હિતેશભાઈ વિરાણી, કેતનભાઈ તાળા, નરેન્દ્રભાઈ વિરાણી, પોલાભાઈ, કાનજીભાઈ વિરાણી, કાનજીભાઈ, ગૌતમભાઈ અકબરી, પ્રદીપભાઈ વિરાણી, સત્સંગ મંડળ, કેશુભાઈ વિરાણી, ભગવાનજીભાઈ અકબરી, લાલજીભાઈ વિરાણી, સમસ્ત ગ્રામજનો હાજર રહયા હતા.

તારામાં બુધ્ધી નથી, તું કરિયાવરમાં કઈ લાવી નથી તેવું કહી

# ભક્તિબેન વોરાને મવડી સ્થિત સાસરીયાનો અનહદ ત્રાસ

રાજકોટ મિરર તા.૧૧

નાના મૌવા રોડ પર રહેતા ભક્તિબેનએ પતિ-સાસુના અસહ્ય ત્રાસથી કંટાળી મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંનેની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત મુજબ નાના મૌવા મેઇન રોડ સ્નેહદીપ પ્રાઈડમાં રહેતા ભક્તિબેન દેવેનભાઈ વોરાએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે તારીખ ૨૪/૧૧/૨૦૨૨ના વિશ્વનગર-૭ પટેલ બોર્ડિંગની બાજુમાં મવડીમાં રહેતા વલ્લભભાઈ વોરાના દીકરા દેવીન સાથે લગ્ન કરેલ હતા. અને તેઓના પ્રેમલગ્ન હતા. તેઓના લગ્નથી માતા પિતાને ખબર ન હતી. તેથી લગ્ન બાદ પોતે તેઓના પિયર એક વર્ષ રહેલ અને ત્યારબાદ તેમના માતા-પિતાને લગ્નની જાણ થયા બાદ તેણી તેના માવતરના ઘરે ચાર માસ રોકાયા હતા. ત્યારબાદ તારીખ ૨૩/૧/૨૦૨૪ના રોજ તેઓના સાસરિયામાં તેમના પતિ સાથે રહેવા ગયા હતા. તેણીએ જણાવ્યું હતું કે સાસરિયામાં બે મહિના સારી રીતે રાખ્યા બાદ એક દિવસ તેમના પતિના મોબાઈલમાં કોઈ અન્ય સ્ત્રી જોડે ફોટા જોયા હતા. જે બાબતે તેમના પતિને પૂછતા તેમના પતિ તેમની સાથે ઝઘડો કરેલ અને કહેવા લાગેલ કે તારામાં બુધ્ધી નથી. અને જેમ ફાવે તેમ ગાળો બોલવા લાગ્યો હતો. અને ત્યારબાદ તેમના પતિ પોતાની વાત છુપાવવા માટે તેણી ઉપર ખોટી શંકાઓ કરવા લાગ્યા હતા અને પતિ કોઈને કોઈ વાતથી ઝઘડો કરતો હતો.

તેઓના પ્રેમ લગ્ન થી તેણીના માતા પિતા સાથે પણ બોલવાના વ્યવહાર ન હતા. જેથી તેમના પતિ અને સાસુ સસરા વારંવાર કહેતા હતા કે તું કરિયાવરમાં કઈ લાવેલ નથી તારા પિતા પાસેથી પૈસા લઈ આવ અને આવા મ્હેણાં-ટોણા મારી કરિયાવર લઈ આવવાની દબાવણી અને માનસિક શારીરિક ત્રાસ આપતા હતા. ભક્તિબેને ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમના પતિ ને દારૂ પીવાની અને જુગાર રમવાની ટેવ છે. દારૂ પી ઘરે આવે અને કોઈ પણ વાક વગર ઝઘડો કરે, ગાળો બોલે મારકૂટ કરે. આ સમયે તેમના સાસુ સવિતાબેન વલ્લભભાઈ વોરાને વાત કરતા અને તેઓ પણ તેમનો સાથ આપવાને બદલે તેમના દીકરાનો સાથ આપતા હતા અને બંને એક સંપ કરી ઝઘડો કરી મારકૂટ કરતા હતા.

તેમના સાસુ વારંવાર ઘરકામ અને રસોઈ કામ બાબતે મ્હેણાં-ટોણા મારી કહેતા કે તારામાં સંસ્કાર નથી તને તારા માતા પિતાએ કઈ સંસ્કાર આપેલ નથી. માતા પિતા સાથે તેમના સાસરિયા ગયાના ત્રણ મહિના બાદ ફોનમાં વાત કરી હતી અને તેમનું ઘર સંસાર ચાલે. તેથી મૂંગા મોઢે સહન કરતી. અને દશ દિવસ પહેલા તેમના પતિએ નાની એવી વાતમાં ઝગડો કર્યો હતો તેથી તેમના પતિ બોલવા લાગ્યા કે મારે તારી કોઈ જરૂરત નથી તું આ ઘરમાંથી નીકળી જા જેથી તેઓ ઘરેથી પોલીસ સ્ટેશન ગયેલ અને ત્યાં તેમના માતા-પિતાને બોલાવેલ ત્યારબાદ તેમના માતા પિતાએ હકીકત જાણ્યા બાદ ૧૦ દિવસથી તેમના પિયરમાં રિસામણે રહે છે. અને તેમના પતિ સાથે સમાધાન કરવું ન હોય અને કાયદેસરની કાર્યવાહી કરવા મહિલા પોલીસ સ્ટેશને આવી ફરિયાદ નોંધાવી હતી પોલીસે ભક્તિબેનની ફરિયાદ પરથી પતિ અને સાસુ સામે ગુન્હો નોંધી બંનેની ધરપકડ કરવા કવાયત આદરી છે.

**મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પતિ-સાસુને શોધતી પોલીસ**

# નાગરિક બેંકના ડીફોલ્ટરને ચેક રિટર્ન કેસમાં બે વર્ષની સજા

## ધિરાણ અપાવ્યા બાદ ડીફોલ્ટર બનતા વસુલી પેટે આપેલો ચેક થયો રીટર્ન



રાજકોટ મિરર, તા.૧૧

નાગરિક બેન્કમાંથી લોન લઈને ભરપાઈ ન કરનાર ઓમ એન્ટરપ્રાઈઝના પ્રોપ્રાઈટરને કોર્ટે બે વર્ષની સજા ફટકારી છે.

મળતી વિગતો મુજબ રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ની ડો. યાજ્ઞિક રોડ શાખાએ ઓમ એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટર અશોકભાઇ જોશીને રૂ. પચ્ચીસ લાખનું ધિરાણ અપાયેલ હતું. થોડા સમય બાદ આ ખાતુ ડિફોલ્ટર (એનપીએ) થયું હતું. ખાતેદારે વસુલી પેટે ર. ૪૩,૦૩,૩૨૮/- નો ચેક આપેલ તે પરત ફર્યો હતો. જેથી બેંકે તા. ૧૫-૨-૨૦૧૬નાં ઓમ એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટર સામે રાજકોટની નેગોશીયેબલ કોર્ટમાં ચેક રિર્ટનનો કેસ દાખલ ક્યો હતો. ખાતેદારે ચેક રિટર્નની મૂળ રકમ જેટલી રકમ જમા કરાવી ન હતી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની કોર્ટે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ ઓમ એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટર અશોકભાઇ જોશીને બે વર્ષની જેલની સજા અને ચેક રિટર્નના વળતર રૂપે રૂ. ૪૩,૦૩,૩૨૮/-ની રકમ ચુકવવાની સજા ફરમાવી હતી. જો ઓમ એન્ટરપ્રાઇઝના પ્રોપરાઇટર આ રકમ ન ચુકવે તો વધારાના છ માસની કેદની સજા ફટકારી હતી.ચેક રિટર્નનાં કેસની આ કામગીરીમાં બેંક વતી એડવોકેટ એચ. કે. રૈયાણી અને ફરિયાદી ભાવિનભાઇ વેકરીયા હતા. ચેક રિર્ટનનાં કેસમાં બે વર્ષની જેલની સજા અને વળતરનો ચુકાદો આવતાં બેંકનાં અન્ય બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે.

# રાજકોટીયન્સ આનંદો

# RMCનું કર બોજા વગરનું બજેટ



## સૂચિત બજેટનું કદ ૩૧૧૨ કરોડ જેમાં સ્ટેન્ડિંગ કમિટીએ ૬ કરોડનો વધારો કરી બજેટનું કદ ૩૧૧૮ કરોડનું કર્યું

## બજેટમાં કુલ ૫૫.૯૨ કરોડની ૨૦ નવી યોજનાઓનો કરવામાં આવ્યો ઉમેરો. : ઘણી જૂની યોજનાને આ વખતે ન મળ્યું સ્થાન

રાજકોટ, તા. ૧૧

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી નાણાકીય વર્ષ માટેનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું થોડા સમય પૂર્વે રાજકોટ મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા ડ્રાફ્ટ બજેટ સ્ટેન્ડિંગ કમિટીને સોંપવામાં આવ્યું હતું જેમાં ૧૫૦ કરોડનો કરબોજો સૂચવવામાં આવ્યો હતો પરંતુ ચાલુ વર્ષના અંતમાં મહાનગરપાલિકાની ચૂંટણી હોવાના કારણે સત્તાધીસોએ કરબોજો હટાવી દીધો છે.

મહાનગરપાલિકાના પદાધિકારીઓનું માનવું છે કે રાજકોટનો વિકાસ અને માળખાગત સુવિધામાં ઉતરોતર વધારો થાય અને શહેરીજનો માટે લોક ભોગીય યોજનાઓ અમલમાં મૂકવામાં આવે તે માટે હાલ તમામ પ્રયત્નો મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવશે. મળતી માહિતી મુજબ રાજકોટને સારા રસ્તા, સ્ટ્રીટ લાઈટ, ડ્રેનેજ, પીવાનું પાણી, આરોગ્ય સહિતની પ્રાથમિક સુવિધાઓ તો ખરી જ સાથોસાથ રમતગમતની સુવિધાઓ પણ રીક્ષાવવામાં આવશે. આગામી નાણાકીય વર્ષનું બજેટ એ મુજબનું નક્કી કરવામાં આવ્યું છે જેમાં લીવેબિલિટી ઈન્ડેક્સમાં વધારો થાય અને રાજકોટનું કદ રાષ્ટ્રીય સ્તર પર વધે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા લોકો યોગી યોજનાકીય કેમ તથા અનેકવિધ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. હાલ વધતા પ્રદૂષણને ધ્યાને લઈ અને લીવેબલ સીટી ના કન્સેપ્ટને અનુસરી શહેરને સ્માર્ટ અને સ્વચ્છ તેમજ હરિયાળું બનાવવા માટે ગ્રીન કવર પણ ઊભું કરવામાં આવશે અને રાજકોટના મહત્તમ સ્થળોએ ધનિષ્ઠ વૃક્ષારોપણ પણ કરાશે જેથી ગ્રીન કવરમાં ઉતરોતર વધારો થઈ શકે.

રાજકોટ મહાનગરપાલિકાએ સમયાંતરે અનેકવિધ પડકારોનો સામનો પણ કર્યો છે ભાજપ પક્ષનું જે સૂત્ર છે કે જ્યાં માનવી ત્યાં સુવિધા તેને ચરિતાર્થ કરવા માટે મહાનગરપાલિકા દ્વારા અનેકવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે એટલું જ નહીં આગામી વર્ષોમાં નાગરિકોની અપેક્ષાઓ સંતોષાય અને શહેરીજનોની સુખાકારી પણ વધે તે હેતુસર આગામી નાણાકીય વર્ષના અંદાજપત્રમાં વહીવટી સુધારણા સહિત અનેકવિધ નવી લોક ભોગીય યોજનાઓની અમલવારી પણ શરૂ કરવામાં આવશે. ત્યારે જેમ મ્યુનિસિપલ કમિશનર દ્વારા બજેટ સૂચવવામાં આવ્યું હતું તે બજેટનું કદ ૩૧૧૨ કરોડનું હતું જેમાં ૬ કરોડનો વધારો કરી ૩૧૧૮ કરોડનું કરવામાં આવ્યું છે. આ વખતે બજેટમાં અનેકવિધ જોગવાઈઓ કરવામાં આવી છે જેમાં સાઉથ ઝોન માટેનું ટેન્ડર પણ આ મહિનાના અંત સુધીમાં પ્રસિદ્ધ કરી દેવામાં આવશે સાથોસાથ સ્કાય ઓવર ફૂટ બ્રિજ પણ પીપીપી ધોરણે બનાવવામાં આવશે. બીજી તરફ આ વખતે કરબોજો નાબૂદ કરવામાં આવ્યો અને સામે મહેસુલી ખર્ચ અને મૂડી ખર્ચમાં પણ ઘટાડો કરી નવા આવકની શોધ ઉભી કરવા માટેની વ્યવસ્થા આગામી બજેટ માટે મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી છે ત્યારે જોવાનું એ રહ્યું કે આ બજેટમાં જે પણ યોજનાઓ મૂકવામાં આવી છે તેમાં કેટલો વધારો થશે અને શું બજેટમાં મૂકવામાં આવેલી જે જોગવાઈઓ છે અને જે યોજનાઓ છે તેની અમલવારી કેવી રીતે કરવામાં આવશે જે સૌથી મોટો પ્રશ્ન હાલ મહાનગરપાલિકાના તજજ્ઞોને સતાવી રહ્યો છે.

### શહેરમાં બનશે સ્કાય ફૂડ ઓવરબ્રિજ

રાજકોટ શહેરનો વિકાસ દિન પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે ટ્રાફિકની અસુવિધા ન થાય તે માટે રાહદારીઓ અને રસ્તા પરથી પસાર થતા લોકો રસ્તો સહેલાઈથી ઓળંગી શકે તે માટે શહેરમાં આવેલા જાહેર સ્થળો જેવા કે ત્રિકોણબાગ, કાલાવડ રોડ આત્મીય યુનિવર્સિટી પાસે તથા ક્રિષ્ના પાર્ક હોટલ ગોંડલ રોડ ખાતે ફૂટ ઓવરબ્રિજ બનાવવામાં આવશે. જે માટે બજેટમાં ૧૦૦૬ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

### પ્રથમ વખત થીમ બેઝ ઓક્સિજન પાર્ક

રાજકોટ શહેરને હરિયાળુ બનાવવા માટે અનેકવિધ યોજનાઓની અમલવારી બજેટમાં કરવામાં આવી છે ત્યારે શહેરના રાજમાર્ગ એવા કાલાવડ રોડ પર અવધ રોડ પાસે આવેલા ટીપી પ્લોટ માં મોર્ડન એલીવેશન અને એસ્કેલેટર તેમજ રેસ્ટોરન્ટની સુવિધા સાથે સ્કાય વોક તેમજ થીમ બેઝ્ડ ઓક્સિજન પાર્ક બનાવવામાં આવશે જેનાથી શહેરીજનોને ફૂડ કોર્ટની નવી સુવિધા મળશે અને શહેરની સુંદરતામાં પણ વધારો થશે આ માટે બજેટમાં આશરે ૪૦૦ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

### ત્રણ નવી શાક માર્કેટ

દિવસે ને દિવસે રાજકોટની વસ્તીમાં ઉતરોતર વધારો થઈ રહ્યો છે અને વિસ્તાર વાદ પણ વધી રહ્યો છે ત્યારે શહેરમાં વધુ ત્રણ નવી શાક માર્કેટ ઉભી કરવા માટે આ ખાસ યોજનાની અમલવારી પણ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી છે જેમાં સેન્ટ્રલ ઝોનમાં રેલ નગર વિસ્તારમાં તેમજ વેસ્ટ ઝોનમાં લક્ષ્મીનગર વિસ્તારમાં અને ઈસ્ટ ઝોનમાં વોર્ડ નંબર ચાર ખાતે આવેલ સેટેલાઈટ ચોક પાસે નવી શાક માર્કેટ ઉભી કરવામાં આવશે જે માટે ૩૦૦ લાખની જોગવાઈ આ વર્ષના બજેટમાં કરવામાં આવી છે.

### સૌપ્રથમ વખત ઊભું કરાશે પશુ દવાખાનું

મહાનગરપાલિકા હસ્તકની એનિમલ હોસ્ટેલમાં રાખવામાં આવતા માલ ઢોર માટે યોગ્ય ચેકઅપ, તથા તેમના રોગોના નિદાન, સારવાર તથા વેક્સિનેશન માટે એનિમલ હોસ્ટેલ ખાતે સૌપ્રથમ વખત સુવિધા સફર પશુ દવાખાનું ઊભું કરવામાં આવશે જેમાં નિષ્ણાંત પશુ ચિકિત શકો. માનદ સેવાઓ આપશે અને પશુઓની સારવાર કરશે. બીજી સૌથી મોટી વાત એ છે કે આ સુવિધા ના લીધે વધુને વધુ માલધારીઓ પોતાના માલ ઢોરને એનિમલ હોસ્ટેલમાં રાખવા માટે પ્રોત્સાહિત થશે એટલું જ નહીં શહેરીજનો પણ પોતાના પ્રાણીઓની સારવાર માટે પશુ દવાખાના નો લાભ લઈ શકશે જે માટે આગામી બજેટમાં ₹૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### ઉભા કરાશે વોર્ડ-વાઈઝ આધાર કેન્દ્રો

નવા આધાર કાર્ડ બનાવવાની સાથોસાથ તેમાં સુધારો કરવા માટે લોકોએ મુખ્ય કચેરી અને ઝોન કચેરીએ ધકા ખાવા પડતા હોય છે ત્યારે મહાનગર પાલિકાએ આ વર્ષના બજેટમાં શહેરીજનોને લાંબી લાઈનોમાં ઊભું રહેવાથી મુક્તિ મળે તેમ જ પોતાના ઘરથી નજીકના સ્થળે આધાર નોંધણી કરાવી શકે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વધતી વસ્તી અને વિસ્તારને ધ્યાને લઈ વોર્ડ વાઇસ એક એક આધાર નોંધણી કીટ ઉપલબ્ધ કરાવવામાં આવશે જે માટે નવા બજેટમાં ૧૮ લાખ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.



### રામનાથ મહાદેવનું બ્યુટીફિકેશન

રાજકોટ સહિત આજુબાજુના ગામો અને વિસ્તારો માટે રામનાથ મહાદેવ એક આસ્થા નું કેન્દ્ર છે ત્યારે લાખો શ્રદ્ધાળુ ભગવાન રામનાથ મહાદેવ મંદિર ખાતે દર્શનાર્થે આવતા હોય છે ત્યારે આ મંદિર પરિસરની સ્વચ્છતા ની જાળવણી કરવા માટે રામનાથ કોરિડોર ડેવલોપમેન્ટ મારફત મંદિર પરિષદનું બ્યુટીફિકેશન કરવામાં આવશે જે માટે આ વર્ષના બજેટમાં અઢીસો લાખની જોગવાઈ કરવામાં આવી છે. મહત્વનું એ છે કે આ પૂર્વે પણ રામનાથ મહાદેવ મંદિર બ્યુટીફિકેશનની વાત કરવામાં આવી હતી પરંતુ કોઈ પણ કારણોસર આ કાર્ય પૂર્ણ થઈ શક્યું ન હતું ત્યારે ફરી એક વખત આ વર્ષના બજેટમાં રામનાથ મહાદેવ બ્યુટીફિકેશન અંગેનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

### વોર્ડ નંબર ૧૪માં વધુ એક કોમ્યુનિટી હોલ

મહાનગરપાલિકાએ વોર્ડ નંબર ૧૪માં એક કોમ્યુનિટી હોલ તો બનાવી આપ્યો પરંતુ શહેરીજનો પોતાના કૌટુંબિક પ્રસંગો વ્યાજબી ખર્ચે કરી શકે તે માટે વોર્ડ નંબર ૧૪માં બોલબાલા રોડ ગાયત્રી નગર પાસે અધ્યતન સુવિધા યુક્ત નવું કોમ્યુનિટી હોલનું નિર્માણ કરવામાં આવશે જે માટે બજેટમાં ૪૦૦ લાખની ફાળવણી કરવામાં આવી છે એટલું જ નહીં મહાનગરપાલિકા ના સૂત્રો જણાવ્યું હતું કે મનપાનો એક હેતુ એ પણ છે કે દરેક વોર્ડમાં કોમ્યુનિટી હોલ હોય એવું જરૂરી નથી કે એક વોર્ડમાં એક જ કોમ્યુનિટી હોલ પરંતુ જે રીતે વિસ્તાર વાદ જોવા મળતો હોય તે મુજબ નિર્ણય લેવામાં આવશે જેથી એક વોર્ડમાં બે કોમ્યુનિટી હોલ પણ બની શકે છે.

### હેરિટેજ સિટી બ્યુટીફિકેશન

રાજકોટ માં આશરે સો વર્ષ જેટલા જૂના ઘણાખરા રોડ આવેલા છે ત્યારે એ રોડને હેરિટેજ સિટી બ્યુટીફિકેશન હેઠળ ડેવલોપ કરવામાં આવશે જેમાં ફૂટપાથ, ઈલેક્ટ્રીક પોલ આ પેવિંગ બ્લોક બનાવવામાં આવશે જે માટે નાણાકીય વર્ષ ૨૦૨૫ ૨૬ ના બજેટમાં ૨૦૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે. રાજકોટ શહેરમાં સોની બજાર, સાંગણવા ચોક, ગરેડીયા કુવા રોડ જેવા જુના રોડને બ્યુટીફાઈ કરવામાં આવશે.







### વિદ્યાર્થીઓને મળશે વિનામૂલ્યે સર્વાઇકલ કેન્સરની રસી

રાજકોટ શહેરમાં કેન્સરની સમસ્યામાં મદન સે વધારો થયો છે ત્યારે મહાનગરપાલિકા સંચાલિત શાળાઓમાં જે વિદ્યાર્થીનીઓને સર્વાઈકલ કેન્સર હોય અને તેઓને આની સામે રક્ષણ મળી રહે તે માટે શાળા આરોગ્ય ચકાસણી કેમ્પની સાથોસાથ વિદ્યાર્થીનીઓને સર્વાઈકલ કેન્સર માટે વિનામૂલ્ય વ્યક્તિને આપવામાં આવશે જે માટે બજેટમાં ૧૫ લાખની જોગવાઈ કરવામાં આવી છે એટલું જ નહીં મહાનગરપાલિકા સંચાલિત કોઠારીયા કોમ્યુનિટી હેલ્થ સેન્ટર ખાતે મેમોગ્રાફી ચેકઅપ માટેનું નવું મેમોગ્રાફી મશીન પણ મૂકવામાં આવશે જેનાથી મહિલાઓ સ્તન કેન્સર જેવા રોગોનું નિદાન તથા તે અંગેની સારવાર પણ લઈ શકશે જે માટે મહાનગરપાલિકાએ ₹૧૫ લાખની જોગવાઈ કરી છે.

### વિકાસ કામો માટે પદાધિકારીઓની ગ્રાન્ટમાં વધારો

રાજકોટ શહેરનો વિકાસ ઉતરોતર થતો રહે તે માટે નવા બજેટમાં મહાનગરપાલિકા ના સતાધીશો એ મેયર ડેપ્યુટી મેયર તથા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનને જે ફાળવવામાં આવતી ગ્રાન્ટની રકમ છે તેમાં વધારો કરી ૧૮ લાખ કરી આપ્યા છે એટલું જ નહીં વિરોધ પક્ષના નેતાને ફાળવવામાં આવતી ગ્રાન્ટની રકમમાં પણ વધારો કરી ૮ લાખ કરવામાં આવશે તેવી જાણ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દ્વારા કરવામાં આવી હતી.

### એડવાન્સ વેરાની ભરપાઈ કરનાર દિવ્યાંગો તથા એક્સ આર્મી મેનના નામે એક વૃક્ષનું વાવેતર

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી વર્ષ માટે જે પણ મિલકત ધારક પોતાનો વેરો એડવાન્સ ભરશે તે માટે અનેક પ્રોત્સાત્મક યોજનાઓ આ વર્ષે મહાનગરપાલિકાએ અમલી બનાવી છે જેમાં એડવાન્સ મિલકત વેરો ભરનાર દિવ્યાંગ તથા એક્સ આર્મીમેન મિલકત ધારકોને વધુ પ્રોત્સાહન મળે તે માટે તેમના નામના એક એક વૃક્ષનું વાવેતર કરવામાં આવશે. આ માટેનો હેતુ એ જ છે કે પર્યાવરણના જતનની સાથો સાથ દિવ્યાંગ જેનો પ્રત્યે સંવેદનશીલતા તેમજ આર્મીમેન પ્રત્યેના આદરમાં વધારો થશે જે માટે બજેટમાં દસ લાખની જોગવાઈ કરવામાં આવી છે. તરફ પર્યાવરણને પ્રોત્સાહન મળે તે માટે રાજકોટ શહેરમાં જનનાર પ્રત્યેક બાળક તથા બાળકીના નામે પણ એક એક વૃક્ષનું વાવેતર કરવામાં આવશે જેનાથી શહેરના ગ્રીન કવરમાં વધારો થાય અને આ માટે રાજકોટ મહાનગરપાલિકાએ ૬૨૫ લાખની જોગવાઈ કરી છે.

### રેસકોર્સ રીંગરોડ પર કાયમી સુશોભન માટે LED લાઈટિંગ

રાજકોટ શહેરના હાર્દ સમા રેસકોસ રીંગરોડ ને વધુ આકર્ષિત બનાવવા માટે કાયમી સુશોભન ને લઇ એલીડી ડેકોરેટિવ લાઇટિંગ કરવામાં આવશે જે માટે બજેટમાં દસ લાખની જોગવાઈ કરવામાં આવી છે આ કરવા પાછળ મહાનગરપાલિકા નો હેતુ એ જ છે કે શહેરની આગવી ઓળખ સમાન રેસકોસ રીંગરોડની રોનકમાં વધારો થાય અને લોકો જે સુવિધા આપવામાં આવી રહી છે તેમાં વધુને વધુ સહભાગી બને.

### પાંચ દિવસીય યોગ શિબિર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા માત્ર ભારત જ નહીં પરંતુ વિશ્વમાં ભવ્ય આધ્યાત્મિક તથા સાંસ્કૃતિક વારસાની સમગ્ર વિશ્વને ભેટ સ્વરૂપે યોગ દિવસ આપ્યો છે અને તેની ઉજવણી દર ૨૧ જુને થાય છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા શહેરીજનોને યોગ કરવા માટે પ્રોત્સાહિત કરવા તેમજ તેઓના શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય સારું રહે તે હેતુથી શહેરના વિવિધ સ્થળોએ સેવાભાવી સંસ્થાઓના સહયોગથી વિશ્વ યોગ દિવસ પહેલાના જ પાંચ દિવસ યોગ શિબિર યોજવામાં આવું છે જેનું સમાપન ૨૧ જૂન વિશ્વ યોગ દિવસના રોજ કરવામાં આવશે.

### ઉભા કરાશે આવકના નવા સ્ત્રોત

- સ્માર્ટ સિટી વિસ્તારમાં આવેલા તમામ રોડ પર જે લાઈટિંગ પુલ ઉપર જાહેરાત માટેના હકો આપી નવી આવક ઊભી કરવામાં આવશે એટલું જ નહીં આ યોજના થકી મહાનગરપાલિકાને અંદાજિત આવક ₹૩ કરોડ થવાની પણ ધારણા છે

- મહાનગરપાલિકા હસ્તકના રેસકોસ સંકુલમાં આવેલા માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ન અધ્યતન બનાવવા માટે હાલ કામગીરી ચાલી રહી છે ત્યારે આ સ્ટેડિયમમાં રમતગમત ટુર્નામેન્ટ યોજવા ઉપરાંત લગ્ન સમારંભ, ડાંડિયારાસ, મ્યુઝિકલ નાઈટ સહિતના કોમર્શિયલ હેતુ માટેના કાર્યો પણ ધરવામાં આવશે જે માટે ગ્રાઉન્ડને ભાડે આપવામાં આવશે અને આ યોજના થકી મહાનગરપાલિકાને અંદાજે રૂપિયા એક કરોડની આવક થવાની સંભાવના વ્યક્ત કરાય છે

- શહેરના મુખ્ય માર્ગો પર રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના ટીપી પ્લોટ ને પાંચ વર્ષ કે વધુ સમયગાળા માટે કોમર્શિયલ ધોરણે ભાડા પટેલ ઉપર આપવામાં આવશે જેનાથી રાજકોટ મનપાને આશરે ૬ કરોડથી વધુની આવક થાય તો નવાઈ નહીં.

- રાજકોટ મહાનગરપાલિકાના ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ સેલ આર આર એલ હસ્તક શહેરી બસ સેવા અંતર્ગત સો સીટી બસોની અંદર અને બહારના ભાગે જાહેરાત માટેના હકો આપી નવી આવક ઊભી કરવામાં આવશે જેમાંથી આશરે ૩.૪૬ કરોડ રૂપિયાની નવી આવક ઊભી થશે.

- સ્માર્ટ સિટી વિસ્તારમાં અટલ સરોવર પરિસર ની અંદર મહાનગરપાલિકા હસ્તકની જે ૪૨ દુકાનો છે તેને પણ ભાડા પટે આપવામાં આવશે. બીજી તરફ અગાઉ વર્ષ ૨૦૨૩ મામલી બનાવવામાં આવેલ વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમને જે પ્રતિસાદ મળ્યો તે મુજબ નવેસરથી વન ટાઈમ ઈન્સ્ટોલમેન્ટ સ્કીમ અમલમાં મૂકવામાં આવશે જેના થકી મિલકત ધારકોને ચડત થયેલ વેરાની રકમના વ્યાજ સાથેના એરિયર્સમાં હપ્તા પદ્ધતિની સુવિધા આપવામાં આવશે.




# આર્ય સમાજના સ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીનો આજે જન્મ દિવસ

## ભારતના રાષ્ટ્રપતિ એસ. રાધાકૃષ્ણનએ તેઓને ''આધુનિક ભારતના નિર્માતાઓ'' પૈકીના એક કહ્યા'તા

તેઓ બાળપણથી જ સંન્યાસી (તપસ્વી) અને વિદ્વાન હતા. તેઓ વેદોની અચૂક સત્તામાં માનતા હતા. દયાનંદ કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતોની હિમાયત કરતા હતા. તેમણે બ્રહ્મચર્યના વૈદિક આદર્શો પર ભાર મૂક્યો હતો, જેમાં બ્રહ્મચર્ય અને ભગવાન પ્રત્યેની ભક્તિનો સમાવેશ થાય છે.

જન્મ મૂળ શંકર તિવારી ૧૨ ફેબ્રુઆરી ૧૮૨૪ – 30 ઓક્ટોબર ૧૮૮૩), એક હિન્દુ ફિલસૂફ અને સામાજિક નેતા હતા જે હિન્દુ ધર્મના સુધારા આંદોલન , આર્ય સમાજના સ્થાપક અને પ્રથમ નેતા હતા . તેમનું પુસ્તક સત્યાર્થ પ્રકાશ વેદોના દર્શન અને માનવોના વિવિધ વિચારો અને ફરજોની સ્પષ્ટતા પર પ્રભાવશાળી ગ્રંથોમાંનું એક રહ્યું છે. ૧૮૭૬માં ''ભારતીયો માટે ભારત'' તરીકે સ્વરાજની હાકલ કરનાર તેઓ સૌપ્રથમ હતા, જે પછીથી લોકમાન્ય તિલક દ્વારા લેવામાં આવી હતી . મૂર્તિપૂજા અને ધાર્મિક પૂજાની નિંદા કરતા , તેમણે વૈદિક વિચારધારાઓને પુનજીવિત કરવા તરફ કામ કર્યું. ત્યારબાદ, ભારતના ફિલસૂફ અને રાષ્ટ્રપતિ , એસ. રાધાકૃષ્ણન , તેમને ''આધુનિક ભારતના નિર્માતાઓ'' પૈકીના એક કહ્યા હતા.

દરેક ધર્મના અનુયાયીઓમાં નિઃશંકપણે ઘણા વિદ્વાન પુરુષો છે. તેમણે પૂર્વગ્રહથી મુક્ત થવું જોઈએ, સાર્વત્રિક સત્યોને સ્વીકારવા જોઈએ – એટલે કે તે સત્યો જે બધા ધર્મોમાં સમાન જોવા મળે છે અને સાર્વત્રિક રીતે ઉપયોગમાં લેવા યોગ્ય છે, એવી બધી બાબતોને નકારી કાઢવી જોઈએ જેમાં વિવિધ ધર્મો અલગ પડે છે અને એકબીજા સાથે પ્રેમથી વર્તે છે, તે વિશ્વના ફાયદા માટે ખૂબ જ ઉપયોગી થશે.દયાનંદથી પ્રભાવિત અને અનુસરનારાઓમાં ચૌધરી ચરણ સિંહ , મેડમ કામા , પંડિત લેખ રામ , સ્વામી શ્રધ્ધાનંદ , શ્યામજી કૃષ્ણ વર્મા , કિશન સિંહ , ભગત સિંહ , વિનાયક દામોદર સાવરકર , ભાઈ પરમાનંદ , લાલા હરદયાલ , મહાદેવ , મહાદેવ , મદલાલ , મહાદેવ , શ્યામજી કૃષ્ણ વર્મા , કિશન સિંઘનો સમાવેશ થાય છે . ગોવિંદ રાનડે , અશફાકુલ્લા ખાન , મહાત્મા હંસરાજ , લાલા લજપત રાય , યોગમાયા નૂપાને , વલ્લભભાઈ પટેલ અને અન્ય.

તેઓ બાળપણથી જ સંન્યાસી (તપસ્વી) અને વિદ્વાન હતા. તેઓ વેદોની અચૂક સત્તામાં માનતા હતા. દયાનંદ કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતોની હિમાયત કરતા હતા. તેમણે બ્રહ્મચર્યના વૈદિક આદર્શો પર ભાર મૂક્યો હતો, જેમાં બ્રહ્મચર્ય અને ભગવાન પ્રત્યેની ભક્તિનો સમાવેશ થાય છે .

દયાનંદના યોગદાનમાં અસ્પૃશ્યતાનો વિરોધ , સ્ત્રીઓ માટે સમાન અધિકારોનો પ્રચાર અને વૈદિક સંસ્કૃતમાંથી વેદ પર સંસ્કૃત તેમજ હિન્દીમાં તેમની ટિપ્પણીનો સમાવેશ થાય છે .

દયાનંદ સરસ્વતીનો જન્મ પૂર્ણિમંત ફાલ્ગુન મહિનાની અસ્ત ચંદ્રની દસમી તિથિએ (૧૨ ફેબ્રુઆરી ૧૮૨૪) કાઠિયાવાડ પ્રદેશ (હવે ગુજરાતનો મોરબી જિલ્લો) ટંકારામાં એક ભારતીય હિન્દુ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો . તેઓ ઔદિચ્ય બ્રાહ્મણ ઉપ – વિભાગના હતાતેમનું મૂળ નામ મૂળ શંકર ત્રિવેદી ( ત્રિવેદી, તેના મૂળ સ્વરૂપમાં) હતું, કારણ કે તેમનો જન્મ ધનુ રાશિ અને મૂળ નક્ષત્રમાં થયો હતો. તેમના પિતા કરશનજી લાલજી ત્રિવેદી અને તેમની માતા યશોદાબાઈ હતા.

જયારે તેઓ આઠ વર્ષના હતા, ત્યારે તેમનો યજ્ઞોપવિત સંસ્કાર વિધિ કરવામાં આવ્યો, જે તેમના ઔપચારિક શિક્ષણમાં પ્રવેશ દર્શાવે છે. તેમના પિતા શિવના અનુયાયી હતા અને તેમને શિવની પૂજા કરવાની રીતો શીખવી હતી. તેમને ઉપવાસ રાખવાનું મહત્વ પણ શીખવવામાં આવ્યું હતું. શિવરાત્રીના પ્રસંગે , દયાનંદ શિવની આજ્ઞાપાલનમાં આખી રાત જાગતા રહ્યા. આ ઉપવાસ દરમિયાન, તેમણે એક ઉંદરને પ્રસાદ ખાતા અને મૂર્તિના શરીર પર દોડતા જોયો. આ જોયા પછી, તેમણે પ્રશ્ન કર્યો કે જો શિવ ઉંદર સામે પોતાનો બચાવ ન કરી શકે, તો તે વિશ્વના તારણહાર કેવી રીતે હોઈ શકે.

તેઓ બાળપણથી જ સંન્યાસી (તપસ્વી) અને વિદ્વાન હતા. તેઓ વેદોની અચૂક સત્તામાં માનતા હતા. દયાનંદ કર્મ અને પુનર્જન્મના સિદ્ધાંતોની હિમાયત કરતા હતા. તેમણે બ્રહ્મચર્યના વૈદિક આદર્શો પર ભાર મૂક્યો હતો, જેમાં બ્રહ્મચર્ય અને ભગવાન પ્રત્યેની ભક્તિનો સમાવેશ થાય છે.

કોલેરાના કારણે તેમની નાની બહેન અને કાકાના મૃત્યુથી દયાનંદ જીવન અને મૃત્યુના અર્થ પર વિચાર કરવા લાગ્યા. તેમણે એવા પ્રશ્નો પૂછવાનું શરૂ કર્યું જે તેમના માતાપિતાને ચિંતા કરાવતા હતા. તેમની કિશોરાવસ્થામાં જ સગાઈ થઈ ગઈ હતી, પરંતુ તેમણે નક્કી કર્યું કે લગ્ન તેમના માટે નથી અને ૧૮૪૬ માં ઘરેથી ભાગી ગયા. દયાનંદ સરસ્વતીએ ૧૮૪૫ થી ૧૮૬૯ સુધી લગભગ પચીસ વર્ષ એક ભટકતા તપસ્વી તરીકે ધાર્મિક સત્યની શોધમાં વિતાવ્યા. તેમને ખબર પડી કે ભૌતિક વસ્તુઓમાંથી મળતો આનંદ પૂરતો નથી, તેથી તેમણે જંગલોમાં, હિમાલય પર્વતોમાં એકાંતવાસમાં અને ઉત્તર ભારતમાં તીર્થસ્થાનોમાં આધ્યાત્મિક શોધમાં પોતાને સમર્પિત કરવાનું નક્કી કર્યું. આ વર્ષો દરમિયાન તેમણે યોગના વિવિધ સ્વરૂપોનો અભ્યાસ કર્યો અને વિરાજાનંદ દંડીશ નામના શિક્ષકના શિષ્ય બન્યા . વિરાજાનંદ માનતા હતા કે હિન્દુ ધર્મ તેના ઐતિહાસિક મૂળથી ભટકી ગયો છે અને તેની ઘણી પ્રથાઓ અશુદ્ધ થઈ ગઈ છે. દયાનંદ સરસ્વતીએ વિરાજાનંદને વચન આપ્યું હતું કે તેઓ હિન્દુ ધર્મમાં વેદોના યોગ્ય સ્થાનને પુનઃસ્થાપિત કરવા માટે પોતાનું જીવન સમર્પિત કરશે .મહર્ષિ દયાનંદે હિમાયત કરી હતી કે બધા માનવો કંઈપણ પ્રાપ્ત કરવા માટે સમાન રીતે સક્ષમ છે. તેમણે કહ્યું કે બધા જીવો શાશ્વત પ્રજા અથવા પરમ ભગવાનના નાગરિકો છે. તેમણે કહ્યું કે ચાર વેદ, જે ઋગ્વેદ , યજુર્વેદ , સામવેદ અને અથર્વવેદ છે , તે ધર્મના એકમાત્ર સાચા અખંડ સ્ત્રોત છે, જે દરેક સૃષ્ટિની શરૂઆતમાં પરમ ભગવાન દ્વારા પ્રગટ કરવામાં આવ્યા હતા, કારણ કે તે સંસ્કૃત છંદો અથવા છંદોનો ઉપયોગ કરીને અને વિવિધ વૈદિક મંત્રોચ્ચાર તકનીકો સાથે શ્લોકોની સંખ્યા ગણવાની વિવિધ તકનીકોનો ઉપયોગ કરીને ફેરફાર કર્યા વિના સંપૂર્ણ રીતે સચવાયેલા જ્ઞાન છે . તેઓ કહે છે કે, વેદોના ખોટા અર્થઘટનને કારણે વેદ અંગે મૂંઝવણ ઊભી થઈ છે, અને વેદ વિજ્ઞાનને પ્રોત્સાહન આપે છે અને માનવોને પરમ સત્ય શોધવા માટે કહે છે, જેનો તેમણે વેદ પરના તેમના ભાષ્યમાં ભાર મૂક્યો છે.

તેમણે પહેલા દસ મુખ્ય ઉપનિષદોના ઉપદેશોને શ્વેતાશ્વતર ઉપનિષદ સાથે સ્વીકાર્યા , જે વેદોના અધ્યાત્મ ભાગને સમજાવે છે. તેમણે વધુમાં કહ્યું કે, ઉપનિષદો સહિત કોઈપણ સ્ત્રોતને ફક્ત એટલી હદે ધ્યાનમાં લેવો જોઈએ અને સ્વીકારવો જોઈએ કારણ કે તે વેદોના ઉપદેશો સાથે સુસંગત છે. તેમણે વેદોના સાચા અર્થઘટન માટે જરૂરી વ્યાકરણ અને તેના જેવા ૬ વેદાંગ ગ્રંથો સ્વીકાર્યા. સંસ્કૃત વ્યાકરણના ગ્રંથોમાં, તેઓ કહે છે કે, પાણિનીનું અષ્ટાધ્યાયી અને તેનું ભાષ્ય , મહર્ષિ પતંજલિ દ્વારા લખાયેલ મહાભાષ્ય વર્તમાનમાં બચી ગયેલા માન્ય ગ્રંથો છે અને અન્ય તમામ બચી ગયેલા આધુનિક–વ્યાકરણના ગ્રંથોને સ્વીકારવા જોઈએ નહીં કારણ કે તે ગૂંચવણભર્યા, અપ્રમાણિક છે અને લોકોને વેદ સરળતાથી શીખવામાં મદદ કરશે નહીં.તેમણે છ દર્શન શાસ્ત્રો સ્વીકાર્યા જેમાં સાંખ્ય , વૈશેષિક , ન્યાય , પતંજલિના યોગ સૂત્રો , પૂર્વા મીમાંસા સૂત્રો , વેદાંત સૂત્રોનો સમાવેશ થાય છે. અન્ય મધ્યયુગીન સંસ્કૃત વિદ્વાનોથી વિપરીત, દયાનંદે કહ્યું કે બધા છ દર્શનો વિરોધી નથી પરંતુ દરેક સૃષ્ટિ દ્વારા જરૂરી વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડે છે. તેથી તે બધા પોતાના અધિકારમાં સ્વતંત્ર છે અને તે બધા વેદોના ઉપદેશોને અનુરૂપ છે. તેઓ કહે છે કે સાંખ્ય દર્શનના આચાર્ય કપિલ નાસ્તિક નહોતા પરંતુ તે વિદ્વાનો હતા જેમણે તેમના સૂત્રોનું ખોટું અર્થઘટન કર્યું હતું.તેમણે કહ્યું કે બ્રહ્મણ–ગ્રંથો જેવા કે ઐતરેય બ્રાહ્મણ , શતપથ બ્રાહ્મણ , સામ બ્રાહ્મણ, ગોપથ બ્રાહ્મણ , વગેરે, જે વેદોનો અર્થ સમજાવવા માટે દ્રષ્ટાઓ દ્વારા લખાયેલા છે તે પણ માન્ય છે, પરંતુ ફરીથી ફક્ત એટલી હદ સુધી કે તેઓ ચાર વેદ સાથે સંમત છે કારણ કે આ ગ્રંથો અન્ય લોકો દ્વારા પ્રક્ષેપિત થવાની સંભાવના ધરાવે છે. તેમણે કહ્યું કે આ પુસ્તકોને ''ઈતિહાસ, પુરાણ, નૃશંસ, કલ્પ, ગાથા'' નામથી ઓળખવામાં આવે છે કારણ કે તેમાં દ્રષ્ટાઓના જીવન અને ઘટનાઓ વિશે માહિતી છે, તેઓ વિશ્વની રચના વિશે માહિતી આપે છે, વગેરે.

તેમણે કહ્યું કે અઢાર પુરાણો અને અઢાર ઉપપુરાણો , અધિકૃત પુરાણો નથી અને આ ઋષિ વ્યાસ દ્વારા લખાયેલા નથી , અને તે વેદોના ઉપદેશોનું ઉલ્લંઘન કરે છે અને તેથી તેમને સ્વીકારવા જોઈએ નહીં. અઢાર પુરાણો અને ઉપપુરાણો વિરોધાભાસ, મૂર્તિપૂજા, અવતાર અને ભગવાનના અવતાર,